
# વિહંગ

પક્ષીનિરીક્ષકો વચ્ચેનો સેતુ

વર્ષ ૨૦૦૩



પરામર્શક : લાલસિંહ રાઓલ

સંપાદક : ડો. બકુલ ત્રિવેદી

# પંખીઓના વ્યાપમાં થતા ફેરફાર

લાલસિંહ રાઓલ



પંખીનિરીક્ષકોની વધતી સંખ્યાને લીધે કે પંખીઓ ધીમે ધીમે પોતાનો વ્યાપ વધારતાં જતાં હોય તેથી અથવા તો તે બન્ને કારણોને લીધે, અગાઉ જ્યાં થતાં ન હોય તેવાં પંખીઓ દેખાવા લાગ્યાં છે. ગુજરાત રાજ્યમાં નિરીક્ષકો વધતા, પંખીઓના વ્યાપ અંગે 'વિહંગ' દ્વારા નવું નવું જોવા જાણવા મળતું રહે છે. અગાઉના જમાનામાં અત્યાર જેટલા સક્રિય પક્ષીનિરીક્ષકો ન હતા. જે થોડા હતા તેમણે પોતાના નિરીક્ષણોને આધારે લખ્યું. જ્યારે મેં પુસ્તકો લખ્યા ત્યારે, ત્યાં સુધીમાં મારા જોવામાં જે આવ્યું, તેને આધારે લખ્યું.

આપણા રાજ્યને સંબંધ છે ત્યાં સુધી, ઘનિષ્ઠ પક્ષીનિરીક્ષણને પરિણામે વૈજ્ઞાનિક પદ્ધતિએ લખાએલ અને આકરગ્રંથ ગણાય તેવાં પુસ્તકો તો બે જ, (૧) 'Birds of Kutch' (Salim Ali - 1945) અને (૨) 'Birds of Saurashtra' (Dharmakumarsinhji - 1954). સ્વ. સલીમ અલી કૃત એક બીજું પુસ્તક છે ખરૂં : 'Birds of Gujarat' (1956). તે તો તેમનાં ત્રણેક ઝડપી, સારાં સર્વેક્ષણોને આધારે લખાયું છે. તે વિસ્તૃત 'ચેક-લીસ્ટ' જેવું છે. આ લેખકોએ જે તે સમયે પોતે જોયેલ પંખીઓ વિશેની માહિતી તેમનાં આ પુસ્તકોમાં આપી. આ ત્રણેય પુસ્તકોમાં ખૂબ વિસ્તૃત અને છેલ્લે લખાએલ પુસ્તક તો સ્વ. ધર્મકુમારસિંહજીનું 'Birds of Saurashtra'. તેમનાં પંદર વરસના ઘનિષ્ઠ પક્ષીનિરીક્ષણનું તે પરિણામ.

મારા વખતના પક્ષીનિરીક્ષકોને બે ત્રણ પ્રતિકૂળતાઓ હતી. પંખીઓ અંગેનાં પુસ્તકો ગણ્યાંગાંઠ્યાં હતાં અને તે પણ જલદી પ્રાપ્ય નહીં. ભારતનાં બધાં પંખીઓ માટે 'ફીલ્ડગાઈડ' પ્રકારનું એકેય પુસ્તક નો' તું. દૂરબીનોય અતિ દુર્લભ. યુરોપનાં પંખીઓ અંગેની રોજર ટોરી પીટર્સનની પ્રખ્યાત 'ફીલ્ડગાઈડ' જેવી, ભારતનાં પંખીઓ માટે એકેય ચોપડી જ ન હતી. વરસો સુધી આ ખોટ મને બહુ સાલતી રહી. તે પહેલ વહેલી પૂરાઈ છેક ૧૯૮૩માં, સ્વ. સલીમઅલી અને રિપ્લેની 'Pictorial Guide' થી. તેનાં ચિત્રોની ગુણવત્તા સંતોષકારક ન હતી. 'ન મામા કરતાં કહેલો મામો શું ખોટો ?', એ ન્યાયે તે પુસ્તક ઉપયોગી તો થતું, પણ સારી 'ફીલ્ડગાઈડ'ની ભૂખ તેનાથી ભાંગી નહીં. તે જરૂરિયાત તો ઊભી જ રહી. તેનો અભાવ બહુ કઠતો.

આપણા દેશનાં બધાં પંખીઓ માટે હવે બે સુંદર 'ફીલ્ડ ગાઈડ' મળતી થઈ છે (૧) રીચાર્ડ ગ્રીમેટ અને કેરોલ, ટીમ ઈન્સ્કીપ કૃત 'Pocket Guide to the Birds of Indian Sub-continent (ઓક્ષફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ન્યુ દિલ્હી -૧) અને (૨) Krys Kazmierczak કૃત ' A Field Guide to the Birds of India (Om Book Service, New Delhi - 1). 'પિક્ટોરિયલ ગાઈડ' કરતાં પક્ષીનિરીક્ષણમાં સાથે લઈ જવી ફાવે તેવી આ બન્ને ચોપડીઓ છે. વળી ચિત્રો ખૂબ સુંદર અને છપાઈ પણ ઉત્કૃષ્ટ છે. 'પિક્ટોરિયલ ગાઈડ'માં ન હતા, પણ આ બન્ને 'ગાઈડ' માં બધાં પંખીના વ્યાપના નકશા આપેલા છે. આથી તેમની ઉપયોગિતા વધે છે. પક્ષીનિરીક્ષણમાં જેને ખરેખર રસ હોય અને તેમાં ઊંડા ઊતરવાની હોંશ હોય, તેવા દરેકની પાસે આ બેમાંથી એક 'ફીલ્ડ ગાઈડ' અવશ્ય હોવી જોઈએ. પંખીઓની ઓળખમાં મને પડેલ મુશ્કેલીઓ હવેના નિરીક્ષકોને આ 'ગાઈડો'ની મદદથી નહીં અનુભવવી પડે. પંખીઓની ઓળખ પ્રમાણમાં ઘણી સરળ બનશે.

કેટલાંય પંખીઓના વ્યાપમાં ''નર્મદા-તાપીની દક્ષિણે'' એવું વિધાન આવ્યા કરે છે. આ બે નદીઓનો ઉલ્લેખ અનુલ્લંઘનીય અવરોધ તરીકે નથી. સમુદ્રો કે હિમાલય જેવા અંતરાયો સહેજે ઓળંગી જનાર પંખીઓને તાપી-નર્મદા શું હિસાબમાં ? એ તો તેમને માટે રમતવાત ગણાય. ચકલી અને કાગડા જેવાં આપણાં સામાન્ય પંખીઓ પણ તે સહેલાઈથી પાર કરી જતાં હોય છે. તો પછી આ બે નદીઓના ઉલ્લેખનું કાંઈ મહત્ત્વ છે ખરૂં ? હા, છે. ભૌગોલિક દૃષ્ટિએ અહીંથી એક વિશિષ્ઠ વસવાટ (Habitat) શરૂ થાય છે. વનો અને વનરાઈઓવાળો ખરો દક્ષિણ ગુજરાતનો આરંભ ત્યાંથી થાય છે. પંખીઓ માટે તે આગવો વસવાટ વિસ્તાર ગણાય. ગીરને બાદ કરતાં સૌરાષ્ટ્ર - કચ્છ કે ઉત્તર ગુજરાતમાં તેવો સઘન વનવિસ્તાર નથી. આથી જ પંખીઓ અંગેનાં પુસ્તકોમાં વારંવાર આવતો '' નર્મદા - તાપીની દક્ષિણે'' ઉલ્લેખ, સાર્થક ઠરે છે.

આવા વિશિષ્ટ વિસ્તારમાં વિશિષ્ટ પંખીઓ થાય છે. ગુજરાત રાજ્યના બાકીના વિસ્તારમાં તે જોવા મળતાં નથી.

(અનુસંધાન પા. ૨૬ ઉપર)

## સૂચિ




પંખીઓના વ્યાપમાં થતાં ફેરફાર ૨
વિહંગાવલોકન ૪
નિરીક્ષણ નોંધ
- કચ્છમાં લાલચાંચ કારચિયા ૯
- Common Shelduck in Dandi ૧૧
- Changing Sceinario at Thol ૧૪
- Crested Serpent Eagle in Beyt Dwarka ૧૭
ગીધ પર જાપતો ૧૮
સારસ વૉચ ૧૯
પત્રસેતુ
પક્ષીનિરીક્ષણમાં ચોકસાઈની જરૂર ૨૨
આવરણ
અધરંગ (Tickell's Blue Flycatcher)
તસવીર : યોગેન્દ્ર શાહ, સુરેન્દ્રનગર



# વિહંગ

વર્ષ-૬ સળંગ અંક ૨૦ વર્ષા ૨૦૦૩

પરામર્શક: લાલસિંહ રાઓલ
સંપાદક: ડૉ. બકુલ ત્રિવેદી


સંપાદક મંડળ
પી.એસ.ઠક્કર, ડૉ.આર.બી.બલર, કે.ડી.વૈષ્ણવ

પત્રવ્યવહાર
૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
E mail : vihangujarat@yahoo.co.in

સ્વૈચ્છિક લવાજમ : વાર્ષિક રૂા.૧૦૦-૦૦
(શુભેચ્છા ફાળો આવકાર્ય - 'વિહંગ' ના નામે ચેક / ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી.)

પ્રકાશક : લાલસિંહ રાઓલ, સી-૨, હરિઓમ એપાર્ટમેન્ટ, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.
મુદ્રક : ડૉ. બકુલ ત્રિવેદી, મુદ્રણસ્થાન : 'શારદ પ્રકાશન', ૫, સનપોઇન્ટ કોમ્પ્લેક્ષ, ગુરુકુળ ટાવર સામે, અમદાવાદ-૩૮૦૦૫૨.


## સંપાદકીય



"તમે આ ઋતુમાં કોયલનો પંચમ સૂર પ્રથમ વાર ક્યારે સાંભળ્યો ?" શ્રી લાલસિંહભાઈએ પૂછયું. મેં કહ્યું, "૧૭મી એપ્રિલે." હજી મે મહિના સુધી એ ન સાંભળી શકાયાનો તેમને વસવસો હતો. કોયલનો ટહુકો સાંભળીએ એટલે પાછલાં અનેક વર્ષોની ગ્રીષ્મ ઋતુનાં દૃશ્યો આંખ સામે તરવરવા માંડે, ખાસ કરીને શાળાના દિવસોમાં ગાળેલી ઉનાળાની રજાઓ. રજાઓમાં કેરીના રસની જયાફત ઉડાવીને બપોરે સુસ્ત, આડે પડખે થયા હોઈએ એનો કોઈ નિયમિત સાક્ષી હોય તો તે કોયલનો આ ટહુકો! જીવન સાથે કેવી વણાઈ જાય છે આ સ્મૃતિઓ ! અને આ જ છે જીવનની પ્રકૃતિ સાથેની એકરસતા.

કોયલ ટહુકે અને બીજાં પક્ષીઓ શાંત બેસી રહે ? ચોમાસું એટલે મોટા ભાગનાં પંખીઓની પ્રજનનઋતુ. છેક માર્ચ-એપ્રિલથી તેમની ચહલપહલ વધી જાય અને સ્વાભાવિક રીતે વધુ બોલકાં પણ બની જાય ! છેલ્લાં ત્રણ મહિનાથી દૈયડ મારા આંગણામાં, તેણે નક્કી કરેલા એક ટોડલે બેસી, છાતી કાઢીને ગાતો હોય છે ! ફળિયામાં જ ટિંગાડેલા પક્ષીઘરમાં માળો કરી તેણે આ ઋતુમાં બે બચ્ચાં પણ ઉછેર્યાં.

તો ગાવામાં અવ્વલ નંબરે ગણી શકાય તેવા શામાને વાંસદાના પ્રાકૃતિક ઉદ્યાનમાં મેં પ્રથમ વાર સાંભળ્યો (૧૦-૫-૦૩).

પ્રકૃતિના એક અંશ હોવાને નાતે, પ્રકૃતિ સાથેની આપણી ભાવાત્મક એકસૂત્રતા છે જ, માત્ર આજના ભૌતિકવાદી મનુષ્યનાં નૈતિક મૂલ્યો બદલાયાં છે. સૂર્ય, તુલસી, પીપળો કે નદીની પૂજા ભલે પ્રતિકાત્મક હતા, તો પણ તેમાં પ્રકૃતિ તરફની કૃતજ્ઞતાની અભિવ્યક્તિ હતી. કુદરત સાથેની આપણી અભિન્નતાનો સ્વીકાર હતો.

શ્રી લવકુમાર ખાચર હમેશાં નૈસર્ગિક તત્વો પ્રત્યે અહિંસા અને પ્રેમના આપણા પારંપરિક મૂલ્યોના પુનઃસ્થાપનની હિમાયત કરે છે. પછી વૃક્ષ-વેલાં, પશુ-પંખીનું જતન લોકો જ કરશે. જંગલો અને જળાશયોની જાળવણી લોકો જ કરશે. કારણ કે, ત્યારે લોકો તેના એક ભાગ બનીને જ રહેતા હશે. પર્યાવરણની જાળવણીમાં યત્કિંચિત કાર્યફાળો એટલે પ્રકૃતિની સર્વોપરિતાનો નમ્ર સ્વીકાર. એ જો આપણી જીવનશૈલીમાં વણાઈ જાય તો એક સુંદર સંવાદિત જીવન ઊભું કરી શકાય.

કોયલનો પંચમ સૂરનો ટહુકો આવતા ઉનાળે પહેલી વાર ક્યારે સાંભળ્યો તે તમે સૌ પણ નોંધી રાખશો ? ✱

# વિહંગાવલોકન

*લવકુમાર ખાચર*
(અનુ : લાલસિંહ રાઓલ)



**ગુજરાતના પક્ષીનિરીક્ષકોને આહ્વાન :**

હરદ્વારમાં 'હરકી પૈડી' પર થતી ગંગા આરતીમાં, મેં તા. ૨૮-૯-૦૨ના રોજ ભાગ લીધો. દેશભરમાંથી આવેલા હજારો ભાવિકો ત્યાં ભેગા થયા હતા. નદી તો માનવના અસ્તિત્વનો મૂળભુત આધાર છે. ગંગામૈયા પ્રત્યેની ભક્તિસભર લાગણીઓમાં સહભાગી થવાનો એ એક ખૂબ આધ્યાત્મિક અનુભવ રહ્યો. થોડા દિવસો બાદ, હું બદ્રિનાથ ગયો. અતિથિગૃહો, દુકાનો અને સાથે સાથે ટોળાંનો શંભુમેળો ત્યાં હતો. આમ છતાં સુંદર નીલકંઠ પર્વતની નિગેહબાની નીચેના એ સ્થળની ભવ્યતાએ મને બહુ મુગ્ધ કર્યો. અલકનંદા અને બદ્રિનાથના મંદિરને નજરમાં આવરી લેવાય તેવી ઊંચાઈએ, એક ઘાસભૂમિ ઉપર, પચાસ વરસ પહેલાં હું તંબુમાં રહેલો, પણ તે વખતેય આટલો મુગ્ધ નહોતો થયો. આડેધડ થએલાં, કલ્પનાશૂન્ય, એ બધાં બાંધકામને જોઈને મને દુ:ખ થયું છતાં, બદ્રિકાશ્રમનું એકંદર વાતાવરણ તેનાથી ખાસ અળપાયું ન હતું. જરૂરી ધાર્મિક વિધિઓ કરતી વખતે પણ આસપાસ ટહેલતાં અને ઊંચે ઊડતાં ચફ (Chough) તરફ નજર નાખ્યા વિના હું નહોતો રહી શકતો. કાગડાના આ આનંદી કુટુંબીઓએ માનવવસાહતોને હોંશભેર અપનાવી લીધી છે. બાંધકામમાં પણ સૌંદર્યરસનો અનુભવ થતો રહે એ બાબતને 'બિલ્ડરો'એ જાણે કે એક કોર હડસેલી દીધી હતી. આ બધું દુ:ખદ હતું. વધારાના ઝાઝા ખર્ચ વિના પણ બદ્રિનાથનું સ્થાન કેટલું આનંદપ્રદ બની શક્યું હોત ! પણ પ્રગતિની આવી શોચનીય કહાણી દેશભરમાં ઠેરઠેર જોવા મળે છે. પરિણામે મોટાં વૃક્ષો અને અસંખ્ય પક્ષીઓથી હર્યોભર્યો આપણો દેશ ગોબરી ઝૂંપડપટ્ટી જેવો બની ગયો છે અને ભમરાળા વાયુઓથી ઘેરાઈ ગયો છે. નદીઓ, ગટરો બની ગઈ છે.

બદ્રિનાથથી ઉપરવાસ આવેલા ઔલીના હાલહવાલ કેવા થયા છે તે તરફ, વળતી મુસાફરીમાં મારે એક નજર નાંખવી હતી. આથી મેં 'કેબલ કાર' પકડી. માનવ ગંદવાડથી ઊંચે આવેલા આ પર્વતોની ભવ્યતા ત્યાં પણ દેખાઈ આવતી હતી. જે નાનાં ઝરણાંને કાંઠે અડધી સદી પહેલાં તંબુ તાણીને હું રહેલો અને જ્યાં મેં પક્ષીનિરીક્ષણ કરેલું, તે ઘેરૂં અને શાંત, આછું આછું, રૂમઝુમ કરતું વહેતું હતું. ઘેરા, નીલ અને નિરભ્ર આકાશ અને ધૌલીગંગાની ખીણના સામા કાંઠાના હિમાલયનાં શિખરો તરફ મેં ધ્યાનથી નજર દોડાવી. છેક એવાં જ નમણા તથા આવકારતા દ્રોણાચલ અથવા દૂનાગિરિ શિખરોને, ધૌલીગંગાની ખીણમાંથી ઊંચે ચડતાં વાદળા, ઝડપથી આવરી રહ્યાં હતાં. તેનાથી પશ્ચિમે અને ખીણની સામેની તરફ હાથી અને ગૌરી પર્વતો નીલ ગગનમાં ઉપર ઊઠતાં હતાં. રાતાબન, મુકુટ પર્વત અને તેની પશ્ચાદ્ભૂમિમાં કામેટ નજરે ચડતાં હતાં. ખીણમાંથી નીકળતી વરાળે નીલકંઠ અને તેની ડાબી બાજુના પર્વતોને ઢાંકી દીધા હતાં. હજી સુધી તો ઔલી ભીડભાડથી બચી ગયું છે, પણ બહુ મોડું થાય તે પહેલાં આલોચનાત્મક દૃષ્ટિએ એક 'માસ્ટર પ્લાન' ઘડી કાઢવાની જરૂર છે. મારી તરુણાઈના જમાનાનાં વનો અને ઘાસનાં મેદાનો સદ્ભાગ્યે હજી અકબંધ છે. પણ જે થોડું બાંધકામ થયું છે તે ઉત્સાહવર્ધક નથી. નવા રચાએલા ઉત્તરાંચલ રાજ્યે કાળજીભરી યોજના દ્વારા ઝડપી પ્રગતિ માટેની ઝંખનાને નરમ કરવી જ જોઈએ. પ્રતિબંધો લાદવાનો હું હિમાયતી નથી. તેના બદલે હાથ ધરાનાર યોજનાઓથી જેમને લાભ પહોંચાડવાનો છે, તેઓ પોતે તેમાં હોંશભેર સામેલ થાય, તેવું કરવાની મારી ભલામણ છે. યાત્રિઓ હવે પર્યટકો તરીકે ઓળખાય છે. તેમાંના મોટા ભાગના ગુજરાતીઓ હોય છે. ખેવનાવાળા લોકો સંગઠિત થાય અને નવરચિત રાજ્યના સત્તાવાળાઓ ઉપર દાબજૂથ તરીકે કામ કરવા આગળ આવે એ જરૂરી છે. 'વિહંગ' દ્વારા તેમને એકજૂથ કરવાનું મને ગમે. આકાર લઈ રહેલ યોજનાઓ ઉપર અંતે તો આપણી કર્તવ્યનિષ્ઠા અને નાણાંથી પ્રબળ અસર પડશે. હિમાલયનાં ખાસા એવાં પંખીઓ શિયાળો ગાળવા આપણે ત્યાં આવે છે, તે ભૂલવા જેવું નથી. અહીં ગુજરાતમાં આપણે કેવો કારોબાર કરીએ છીએ તે, ત્યાં જે બની રહ્યું છે, તેના જેટલું જ અગત્યનું છે. પંખીઓ જલદીથી માનવો સાથે ભેળીઆરો કેળવી લે છે અને તેમાંથી ફાયદો ઉઠાવે છે. સારું નિરામય વાતાવરણ પંખીઓ માટે મૈત્રીપૂર્ણ બની રહે છે.

મારા જૂના વિદ્યાર્થી ઉષાકાન્ત પટેલના અમદાવાદની ભાગોળે આવેલા બગીચાનું વાતાવરણ હવે પંખીસભર બની ગયું છે. નાસ્તો કર્યા બાદ આ લખવાનું મેં ત્યાં શરૂ કરેલું. નાસ્તામાં ભાગ પડાવવાની ઈચ્છાવાળાં વિવિધ પંખીઓ અને ખિસકોલીઓ, મારી આસપાસ આંટા મારતાં હતાં. રજાઓ ગાળવા ભારતમાં આવેલ એક યુરોપિયન દંપતિ, ઈમ્પીરિયલ હૉટેલના દરવાજા ઉપર બેઠેલ સમળીનો ફોટો પાડતું હતું. હું તેમને જોઈ રહ્યો હતો. મારી આસપાસ ફરતા 'ચફ', લેલા, કાબરો અને કાળિયાકોશી વગેરેને જોઈને તે યુગલ કેટલું ખુશખુશાલ થઈ ગયું હોત! પંખીઓનું સુપેરે જતન કરીએ તે આર્થિક દૃષ્ટિએ પણ આપણા ફાયદામાં છે.

દરેક ઘર, જાહેર સગવડનું દરેક સ્થળ, બહુવિધ પંખીઓનું રહેઠાણ બની શકે. જરૂર છે, એ માટેની થોડી સંવેદનશીલતાની. પંખીઓ આપણને આનંદ આપે છે અને રોજિંદી ઘટમાળમાંથી થોડાક સમય માટે પણ છૂટવાનું બહાનું પૂરું પાડે છે, આથી તેમનાં પ્રત્યે આપણી પણ જવાબદારી છે. આપણી વ્યક્તિગત સમજને સતેજ બનાવીએ, આત્મશિસ્ત જરા મઠારીએ અને સાથે સાથે સમાજની નવી દિશા અને વિકાસ પ્રક્રિયાઓને યોગ્ય ઘાટઘૂટ આપવા માટે સામૂહિક ગતિશીલતા પેદા કરીએ. ટૂંકમાં, આમજનતાની ભાવનાઓને ફરી બોલકી કરવાની જરૂર છે. તે ભાવનાઓએ મોરનું અને સારસનું અસ્તિત્વ આજ સુધી ગુજરાતમાં ટકાવ્યું છે. આપણને ખબર છે કે, ગાંધીનગરની જેમ અમદાવાદમાં પણ હરિયલ (Green Pigeon) ખાસી સંખ્યામાં છે. આપણે તો ફક્ત એટલું જ કરવાનું કે, વનીકરણની ઝુંબેશ, સુંદર વૃક્ષોની રોપણી અને રસ્તાની બાજુઓએ વવાનાર વૃક્ષો - આ સર્વ કલ્પનાસભર દૃષ્ટિએ થાય.

ઘણા વખતથી મને શંકા રહ્યા કરતી હતી, તે જ બાબતને ગીધો ઉપર નજર રાખતા અમદાવાદના યુવાનોએ પ્રકાશમાં આણી. જૂનાં વૃક્ષો કાપી નાખ્યા બાદ, તેમની જગાએ ઝડપથી વધે તેવાં જુદી જુદી જાતનાં ઝાડ વાવ્યાં. તે વધવા પામે તોયે ગીધોની કુટુંબવૃદ્ધિની જરૂરિયાતને સંતોષી શકે એ કક્ષાએ વિકસી શકતાં નથી. આખા દેશમાં બીજા જૂથોને પણ અનુસરવું ગમે, તેવો પ્રવાહ આપણે ઊભો કરી શકીએ. હજી આજે પણ ગુજરાત, પક્ષીઓ માટે સૌથી વધારે મમતા અને મૈત્રીભાવ ધરાવતું રાજ્ય છે, તે હકીકત મને ખુશ કરી દે છે. વળી કદાચ અન્ય ક્યાંય જોવા ન મળે તેવા સૌથી સુંદર પક્ષીનિરીક્ષણ વિસ્તારો આપણા ગુજરાતમાં છે.

ઉત્તર ગુજરાતમાં નર્મદાનાં નીરના આગમન સાથે સ્થાનિક વનવૃક્ષો ઉપરાંત, નહેરની બાજુએ પીપળ, પીપળા, વડ, ઉમરા, શીમળા, પાંડેરવા, લીંબડા જેવાં પક્ષીપ્રિય ઝાડ સરકાર વાવે, તેવો આગ્રહ આપણે રાખવો જોઈએ. આવાં વૃક્ષો પંખીઓ માટે એક શૃંખલા બની જશે. નર્મદાનાં નીરથી નવજીવન પામેલ ગામડાંઓમાં તળાવ - તળાવડાં, પંખીઓને આશરે પૂરો પાડશે. તેમની સપાટી પર કમળ અને શિંગોડાના વેલા ફાલશે. મોટાં વૃક્ષોમાં મજબૂત ડાળીઓ વિકસશે. પંખીઓ તેના પર રાતવાસો કરશે. બગલા, ઢોંક, કાજિયા, ચમચા, જેવાં મોટાં પંખીઓ તેમાં માળાવસાહતો બનાવી શકશે. ગયા જમાનાના અમે લોકો, જેમ હાલનાં અભયારણ્યોની સ્થાપના માટે જશ લઈએ છીએ, તેમ આજની યુવા પેઢીએ, આ અભયારણ્યોની વચ્ચે પક્ષીઓને ગમી જાય તેવા વસવાટો વિકસાવવા માટે આમ જનતાની લાગણીઓને બળવત્તર બનાવવી પડશે. તકો અપાર છે. આ લખાણો દ્વારા, ઉત્તેજનાસભર શક્યતાઓ આપણે ખોળતા રહીશું.

*૧૪, જયંત સોસાયટી, રાજકોટ-૩૬૦૦૦૪*

✻

# નિરીક્ષણ નોંધ



## સાંજને અર્થપૂર્ણ કરતા કાગડા!

હમણાંથી (તા. ૧૭-૪-૦૩) અમારી સોસાયટીના માહોલમાં એક બદલાવ જોવા મળ્યો છે. આમ તો 'IIM કેમ્પસ'ની પાછલી દિવાલ એ અમારી સોસાયટીનો વિસ્તાર. 'IIM કેમ્પસ'નાં વૃક્ષો ઉપર કાગડાઓ જોવા-સાંભળવા અમારા માટે સામાન્ય છે, પરંતુ હમણાંથી કેટલાક બંગલાઓની અગાશીમાં તેઓ ભેગા થઈ બેઠેલા જોવા મળે છે. નિયમિત

રીતે તેઓને જોતાં મેં તપાસ કરી તો, ત્યાં પાણીની 'સિન્ટેક્સ'ની ટાંકીઓમાંથી પાણી ટપકતું જોવા મળ્યું. તરસ્યા કાગડાઓ એકઠાં થાય છે. મને પક્ષીઓ ખૂબ પસંદ છે, પણ હું આ વિષયમાં માહિર નથી છતાં, આટલાં વર્ષોમાં સૌ પ્રથમ વાર આ દશ્ય રોજિંદુ બનતા 'વિહંગ'ને જણાવું છું. શું કાગડાઓને પીવા પાણી નહિ મળતું હોય? 'વિહંગ' દ્વારા પક્ષીપ્રેમીઓને અગાશીમાં કાગડાઓ માટે પાણીની વ્યવસ્થા કરવા સંદેશ આપી શકાય ? મેં મારા ઘરની અગાશીમાં એવી વ્યવસ્થા કરવા વિચાર્યું છે. શું સુંદર ગાતાં-દેખાતાં પક્ષીઓ જેટલા જ આ 'સાંજ'ને અર્થપૂર્ણ કરતા કાગડાઓ પર્યાવરણમાં અગત્યના નથી!? (પાણી માટે પરબ અને ચણ માટે ઠીબ રાખવાની પરંપરા શહેરોમાં જીવિત રાખવી ખૂબ જરૂરી છે. - લા.)

*યાત્રી બક્ષી*

*૩૩, નિહારીકા બંગ્લોઝ, હિંમતલાલ પાર્ક, આંબાવાડી, અમદાવાદ*

## પોળોના જંગલમાં પક્ષીનિરીક્ષણ

તા. ૨૦,૨૧,૨૨ ડિસેમ્બર ૨૦૦૨- આ ત્રણ દિવસોમાં સાબરકાંઠામાં આવેલાં પોળોનાં જંગલોમાં સંતર્પક રીતે પક્ષીનિરીક્ષણ કરી શક્યા, તેનું શ્રેય શ્રી મયુર અને શ્રીમતી ઉલૂપી મિસ્ત્રીને જાય છે. તા. ૨૦ -૧૨ના મોડી બપોરે અમે ખોખરા બાજુ પંખીઓ જોવા ગએલા. એક નવાઈ લાગે તેવી બાબત ત્યાં અમને જોવા મળી. અમારાથી થોડે દૂર ખાખરા અને સાગનાં ઝૂંડમાં સોનેરી લક્કડખોદ (Lesser Goldenbacked Woodpeker)ની એક જોડીને વનલેલા (Jungle Babbler) સાથે જમીન ખોતરતી જોઈને અમને બહુ નવાઈ લાગી. મયૂર અને ઉલૂપીએ અગાઉ તેવું જોયેલું. લક્કડખોદ થોડી થોડી વારે થડ પર જઈને ચોંટે અને પાછા જમીન પર આવી સાગના થડ પાસેનાં ઝાંખરામાં ખોતરવા લાગે. ઘણી વાર તેમણે આમ કર્યા કર્યું.

ચાલીસેક જાતનાં પંખીઓ અમે ત્યાં જોયા. તેમાંથી વિશેષ ઉલ્લેખનીય બાબતો આ પ્રમાણે છે. ચટકી માખીમાર (Redbreasted Flycatcher) અને ખેરખટ્ટો (Indian Treepie) સારી સંખ્યામાં જોવા મળ્યાં. રાજી (Yellowthroated Sparrow) ને ટોળામાં જોઈ. સફેદનેણ નાચણ (Whitebrowed Fantail Flycatcher) અને ટપકીલી નાચણ (Whitespotted Fantail Flycatcher), એમ બન્ને દેખાતાં. પુષ્કળ ટેટાવાળા એક વડમાં ત્રીસેક જેટલાં હરિયલ (Green Pigeon) હતાં. કોશીમાં સફેદપેટો કોશી (Whitebellied Drongo) અવાર નવાર દેખાતો. રાજપીપળાના પોપટ (Large Parakeet)ની હાજરી નોંધનીય લાગી. તૂઈ (Blossomheaded Parekeet) પણ હતી. રાખોડી ચિલોત્રો (Grey Hornbill), અધરંગ (Tickell's Blue Flycatcher), હરિતનીલ માખીમાર (Verditer Flycatcher) પણ દેખાતાં. વન પીળકિયો (Grey Wagtail) હતો. મોટા ઘુવડ (Great Horned Owl) ઉપર 'ટોર્ચ'નો પ્રકાશ ફેંકતાં તેની આંખો, બે લાલ ફાનસ જેવી લાગતી હતી.

## 'મહલ' ખાતે પક્ષીનિરીક્ષણ

નવેમ્બરની ૫મીએ (નવા વર્ષની) સાંજે નીકળી, વડોદરા રાત રોકાઈ, અમે ડાંગમાં 'મહલ'ના 'સુરત નેચર કલબ'ના 'કેમ્પ' પર ૬ઠ્ઠીએ બપોરે પહોંચી ગયા. બરડીપાડાના 'ફૉરેસ્ટ રેસ્ટ હાઉસ'માં રહેવાનું મળી ગયેલું. આ રેસ્ટ હાઉસની આજુબાજુ ઘણાં મોટાં મોટાં ઝાડ હતાં, ખાખરા, સાગ, વિ. એક કડાયાનું પણ હતું. નવાઈની વાત, (કે દુઃખની) એક પણ પક્ષી નહિ !!

મહલ જવાનો રસ્તો બન્ને બાજુથી વાંસનાં તથા સાગનાં જંગલોથી ઘેરાયેલો હતો. દુલધા આગળ ઘણા અવાજો સંભળાયા, ખાસ તો શામાનો. 'કેમ્પ'ની જગ્યા પૂર્ણા નદીને કિનારે સુંદર વાતાવરણમાં, શાંત જગ્યાએ હતી. શ્રી સ્નેહલભાઈ, મયુરભાઈ, બધાએ ખૂબ પ્રેમથી અમને બે દિવસ નવાજ્યા. કેમ્પની પ્રવૃત્તિ વિષે માહિતી આપી. બાળકોને સાદગીથી રહેવાનું, જવાબદારીવાળી ફરજ નિભાવવાની, પ્રકૃતિનો પરિચય, એની જાળવણી, શિસ્તબધ્ધતા, પશુ, પક્ષી, સાપ, ઝાડ, જીવડાં, વિ. નો પરિચય અને તેનું જ્ઞાન અપાતું. આનંદ, રમત-ગમત સાથે ખૂબ જ ઉત્તમ પ્રવૃત્તિઓ ચાલતી હતી.

ત્યાં જોયેલાં (ડૉ. સાહિલ તથા શ્રી કર્મવીરભાઈના સહયોગથી) પક્ષીઓની યાદી :

ચિલોત્રો (Grey Hornbill), પીળક (Golden Oriole), મોટો કશ્યો (Large Cuckoo-shrike), રાખોડી કોશી (Grey Drongo) , ભીમરાજ (Racket-tailed Drongo), હરેવો (Chloropsys) (ક્યો ?- લા.), વન પીળકિયો (Grey Wagtail), દશરથિયું (Nightjar), રાખોડી રામચકલી (Grey Tit) , ગુલાબી તૂતી (Rosefinch),

દૂધરાજ (Paradise Flycatcher), ફૂલરાજ (Yellowbacked Sunbird), અધરંગ (Tickell's Blue Flycatcher), ઝીંણકો લક્કડખોદ (Pigmy Woodpecker), ટપકીલો લક્કડખોદ (Heart -spotted Woodpecker), શ્વેતનયના(White-eye), રાજી (Yellowthroated Sparrow), ચાષ (Indian Roller), ચટકી માખીમાર(Redbreasted Flycatcher), શ્યામશિર કલકલિયો (Black-capped Kingfisher), ફુતકી લલેડી (Rufousbellied Babbler), શ્યામશિર પીળક (Blackheaded Oriole), મોટો રાજાલાલ (Scarlet Minivet), તરવરિયો માખીમાર (Greyheaded Flycatcher), હરિતનીલ માખીમાર (Verditer Flycatcher), નાચણ (Fantail Flycatcher, કઈ?-સં.), દૈયડ (Magpie Robin).

*શ્યામા શોધન, ચૌલા પટેલ, નરેન્દ્ર શોધન*
*૩૧, સૌરભ સોસાયટી, ડ્રાઈવ -ઈન - રોડ, અમદાવાદ -૯. / વસુંધરા કોલોની સામે, ગુલબાઈ ટેકરા અમદાવાદ -૧૫.*

## પરિએજમાં લાલચાંચ કારચિયા

તા. ૧૪-૧-૦૩ના રોજ અમે નારદા અને પરિએજ તળાવોએ ગયેલા. નારદામાં ભગતડાં (Coot) મોટી સંખ્યામાં હતાં. તે ઉપરાંત પિયાસણ (Wigeon), સીંગપર(Pintail), રાખોડી કારચિયા (Common Pochard), ડૂબકી (Little Grebe), શ્યામશિર ધોમડા (Blackheaded Gull) વગેરે પણ ઓછી વધતી સંખ્યામાં હતા. નારદાથી થોડે દૂર એક ખેતરમાં ૮-૧૦ સફેદ કાંકણસાર (White Ibis) અને ૩ ધોળીડોક ઢોંક (Whitenecked Stork) જોયા. રસ્તાની બાજુની ઝાડીમાં એક સફેદ દૂધરાજ (Paradise Flycatcher) જોયો.

પરિએજમાં લાલચાંચ કારચિયા(Redcrested Pochard) ની એક જોડીએ ખાસ ધ્યાન ખેંચ્યું. આ પહેલાં ગુજરાતમાં અમે તેને જોયેલ નહીં. મોટી ચોટિલી ડૂબકી (Greatcrested Grebe) ની પણ એક જોડી હતી. ગિરજા (Cotton Teal) અને કાબરી કારચિયા (Tufted Pochard) થોડી સંખ્યામાં હતાં.

નારદા અને પરિએજ એમ બન્ને જગ્યાએ ગાંડા બાવળનું ગાંડપણ એટલું બધું હતું, કે તળાવની પાસે ફરીને પક્ષીનિરીક્ષણ થઈ શકે તેમ ન હતું. ચેતીને ચાલવું પડે.

*ડૉ. રેખા , ડૉ. આર.બી. બલર*
*૧૦-એ, સ્વીટ હોમ સોસાયટી, શ્રેયસ ફાઉન્ડેશન, આંબાવાડી, અમદાવાદ*

## ગીરમાં પક્ષીનિરીક્ષણ

તા. ૨૭-૧-૦૩ના રોજ સવારથી સાંજ સુધી જામવાળા 'રેઈન્જ'માં ચીખલી- નાનડિયા પાસે આવેલ કાજ તળાવ પર પંખીનિરીક્ષણ કર્યું. તે વિસ્તારમાં ચોમાસુ વરસાદ સારો થએલો, એટલે તળાવમાં પાણી ભરપૂર હતું. ચાલીસેક જાતનાં પંખીઓ ત્યાં જોયા. આમાં ખાસ ધ્યાન ખેંચે એવી બાબતો આ મુજબ છે. કરકરા (Demoiselle Crane) લગભગ ૫૦,૦૦૦ અને કુંજ (Common Crane) લગભગ ૧૦૦૦ જેટલી હતી. નાનાં હંજ (Lesser Flamingo) અને મોટાં હંજ (Greater Flamingo) ૫૦૦૦થી ૭૦૦૦જેટલાં જોયા. તેમાં નાનાં હંજ સંખ્યામાં ઘણાં વધારે હતાં. પેણ (Pelican) ૫૦૦ જેટલી સહેજે હશે. ગાજહંસ (Greylag Goose) લગભગ ૧૫૦ અને નકટા (Nukta) લગભગ ૫૦૦-૬૦૦ જેટલા હતા. ઊલટીચાંચ (Avocet)ની સંખ્યા પણ સારી એવી હતી, સહેજે ૪૦૦-૫૦૦ થાય. પીળકિયા(Yellow Wagtail) અને સફેદ દિવાળીઘોડા (White Wagtail) ૨૦૦-૨૦૦ જેટલા હતા અને ધોબીડા (Large Pied Wagtail) ૨૦ હતા. મત્સ્યભોજ (Osprey) ૨ જોયા, પણ પાનપટ્ટાઈ (Marsh Harrier) એકેય જોવા ન મળી, તેની નવાઈ લાગી. આ ઉપરાંત, પાણીકાંઠાનાં અન્ય સામાન્ય પંખીઓ હતાં. યાદી લાંબી ન થાય એટલે તેમનાં નામ લખ્યા નથી.

ખૂબ મોટી સંખ્યામાં પંખીઓ ધરાવતું આ જળાશય શિયાળામાં જોવા જેવું છે. ગીરના અંદરના ભાગે આવેલું છે, એટલે ભાગ્યે જ કોઈ ત્યાં પંખીઓ જોવા જતું હશે.

*ગોવિંદ વેકરિયા,*
*શેઠ હૉસ્પિટલ, જિ. પોરબંદર, માધવપુર -૩૬૨૨૩૦*

## કચ્છમાં પક્ષીનિરીક્ષણ

* ૨૭-૧૦-૦૨, સાથી મિત્રો : અશ્વિન પોમલ, ત્રિલોચન છાયા, પ્રતાપ સેવક

| | | | |
|---|---|---|---|
| શિયાળુ સાંસાગર (Booted Hawk Eagle) | ૧ | ખેડોજ ડેમ (તા. રાપર) | ઋતુનો પ્રથમ |
| સાપમાર (Short - toed Eagle) | ૧ | ખેડોજ ડેમ (તા.રાપર) | ઋતુનો પ્રથમ |
| સડ્ચંડૂલ (Short - toed Lark) | ૨૦ | સુરખાણ ડેમ (તા. અંજાર) | ઋતુનો પ્રથમ |
| | ૫૦ | ભીમનાથ તળાવ, ખેડોજ નજીક | ઋતુનો પ્રથમ |
| ભગવી સુરખાબ (Brahminy Duck) | ૨ | ભીમનાથ તળાવ (તા. રાપર) | |
| | ૪ | સુરખાણ ડેમ | ઋતુનો પ્રથમ |
| કાબરી કારચિયા (Tufted Pochard) | ૮ | સુરખાણ ડેમ | ઋતુનો પ્રથમ |
| કુંજ (Common Crane) | ૧૧ | સુરખાણ ડેમ | ઋતુની પ્રથમ |
| રાતાપગ (Redshank) | ૭૦ | ભદ્રેશ્વર દરિયાકિનારો (તા. મુંદ્રા) | |
| મોટી બાટણ (Grey Plover) | ૧ | ,, | |
| શ્વેતપીઠ કીચડિયો (Curlew Sandpiper) | ૧ | ,, | |
| ધોળી વાબગલી (Gullbilled Tern) | ૩૫ | ,, | |
| કાળીપીઠ ધોમડો (Lesser Blackbacked Gull) | ૨૫ | ,, | |

✱ ૧-૧૨-૦૨, રૂદ્રમાતા ડેમ (તા.ભુજ), સાથી મિત્રો: અશ્વિન પોમલ.

ફાંટીચાંચ ઢોંક (Openbilled Stork) ૩, સર્પગ્રીવ (Darter) ૨, ભગવી સુરખાબ (Brahminy Duck) ૯, મોટાં હંજ (Greater Flamingo) ૩૦ (બે બચ્ચાં), કુંજ (Common Crane) ૩, મોટા કાજિયા (Large Cormorant) ૫૦.

✱ ૬-૧૨-૦૨, વિજયસાગર ડેમ, સાથી મિત્રો : અશ્વિન પોમલ.

કાબરી કારચિયા (Tufted Pochard) ૨૫, રાખોડી કારચિયા (Common Pochard) ૮, મોટી શિયાળુ ડૂબકી (Blaknecked Grebe) ૨, સર્પગ્રીવ (Darter ) ૨, રાજહંસ (Barheaded Goose) ૩, મોટાં હંજ (Greater Flamingo) ૨.

૧૩-૧૨-૦૨ના રોજ માધાપરમાં ૪૦ ગુલાબી પેણ (Rosy Pelican) ઊડતી જોઈ.

✱ ૨૫-૧૨-૦૨, ચાડવા રખાલ, સાથી મિત્રો : અશ્વિન પોમલ, કવિ તેજ.

અહીં આવેલા ડેમમાં ૨૦ મગર ઉપરાંત, નીચેનાં પક્ષીઓ નોંધ્યાં. સર્પગ્રીવ (Darter) ૧૨, ફાટીચાંચ ઢોંક (Openbill Stork) ૭, લીલીબગલી (Little Green Heron) ૧, દૂધરાજ (Paradise Flycatcher) ૨ (બગીચામાં).

૨૯-૧૨-૦૨, કુકમા તળાવ (તા.ભુજ)માં ૬ શ્વેતઆંખ કારચિયા (White-eyed Pochard) જોઈ. તે જ દિવસે લેર ડેમ (તા.ભુજ)માં ૧ નીલશિર (Mallard) જોઈ.

✱ **અલભ્ય રાજહંસ (Barheaded Goose) કચ્છમાં**

તા. ૬-૧૨-૦૨ના રોજ વિજયસાગર ડેમ (તા. માંડવી)માં અશ્વિન પોમલની સાથે મુલાકાત લેતા રાજહંસની એક જોડી જોવા મળી. આ પક્ષી કચ્છમાં અલભ્ય છે. તેમની અગાઉ નોંધ, રૂદ્રમાતા ડેમ ખાતે, તા. ૬-૧૧-૮૭ના રોજ થયેલી. ત્યારે એક જોડી અને એક અપુખ્ત (Young) પક્ષી જોયેલું. તે વખતે પણ સખત દુષ્કાળ હતો, જેમ આ વર્ષે છે. આમ ૧૫ વર્ષ બાદ, આ અલભ્ય પક્ષીઓએ કચ્છમાં ફરી દર્શન દીધાં છે.

✱ **નકટી નાળ, નવા કંડલા, મીઠાનાં અગર**

તા. ૧૨-૧-૦૩ના રોજ નીચેનાં પક્ષીઓ નોંધ્યાં. નાનાં હંજ (Lesser Flamingo) ૧૦૦૦+, મોટાં હંજ (Greater Flamingo) ૮૦૦ +, ચોટીલી પેણ (Dalmatian Pelican) ૬, ગુલાબી પેણ (Rosy Pelican) ૬૦, કાળીપૂંછ ગડેરા (Blacktailed Godwit) ૧૦૦૦, ઊલટીચાંચ (Avocet) ૧૨૦૦+, નાના લીલાપગ (Marsh Sandpiper) ૭૦, રાતાપગ (Redshank) ૨૦૦.

૧૪-૧-૦૩, દેવીસર તળાવ(તા.ભુજ)માં ૪ ભગવી સુરખાબ (Ruddy Shelduck) તથા બે સફેદપૂંછ ટિટોડી (Whitetailed Lapwing) જોઈ.

૧૪-૧-૦૩ના રોજ રૂદ્રમાતા ડેમ ઉપર નીચેનાં પક્ષીઓ જોયાં. ગુલાબી પેણ (Rosy Pelican) ૨૦૦, ચોટીલી પેણ (Dalmatian Pelican) ૨, ફાટીચાંચ ઢોંક (Openbill Stork) ૨૦, મોટાં હંજ (Greater Flamingo) ૭૨, મોટી શિયાળુ ડૂબકી (Great Crested Grebe) ૪, મોટો ધોમડો (Great Blackheaded Gull) ૧.

૧૯-૧-૦૩ના રોજ માંડવીના ટોપણસર તળાવમાં

૧૪૧ ગુલાબીપેણ (Rosy Pelican) જોઈ. આ ઉપરાંત આસપાસમાં બે શિયાળુ સાંસાગર (Booted Eagle) તથા એક મધિયો (Honey Buzzard) જોયા.

આ જ દિવસે રૂકમાવતી નાળ (Rukmavati Creek) ઉપર ૪ અબલખ (Oystercatcher) તથા એક મોટી બાટણ (Grey Plover) જોયા.

૧૯-૧-૦૩ના રોજ દોણ ડેમ (તા.માંડવી) ઉપર નીચેનાં પક્ષીઓ જોયાં. મોટી શિયાળુ ડૂબકી (Greatcrested Grebe) ૨, કુંજ (Common Crane) ૭, કરકરા (Demoiselle Crane) ૧૭, કાબરી કારચિયા (Tufted Pochard) ૬૦, સર્પગ્રીવ (Darter) ૪.

*** કચ્છમાં લાલચાંચ કારચિયાની સર્વ પ્રથમ નોંધ**

૧૯-૧-૦૩ના રોજ દોણના ગામ તળાવમાં બે લાલચાંચ કારચિયા (Redcrested Pochard) જોયા. આ કચ્છની સર્વ પ્રથમ નોંધ છે. આ ઉપરાંત, નીલશિર (Mallard) ૯, સર્પગ્રીવ (Darter) ૧ તથા ચોટીલી પેણ (Dalmatian Pelican) ૧ જોયા.

તા. ૧૯-૧-૦૩ના રોજ માંડવી તાલુકાના રાજડા ડેમ ઉપર નીચેનાં પક્ષીઓ જોયા.

ગુલાબી પેણ (Rosy Pelican) ૬૦૦, ચોટીલી પેણ (Dalmatian Pelican) ૪, ફાટીચાંચ ઢોંક (Openbill Stork) ૦૧, મોટી શિયાળુ ડૂબકી (Greatcrested Grebe) ૬, સર્પગ્રીવ (Darter) ૨, કુંજ (Common Crane) ૩.

તા. ૨૫-૧-૦૩ના રોજ વિજયસાગર ડેમ (તા. માંડવી) ઉપર નીચેનાં પક્ષીઓ જોયા.

ચોટીલી પેણ (Dalmatian Pelican) ૪, ગુલાબી પેણ (Rosy Pelican) ૬, ભગવી બતક (Ruddy Shelduck) ૬, કરકરા (Demoiselle Crane) ૪, સાપમાર ગરૂડ (Short - toed Eagle) ૧.

*** મુંદ્રા તાલુકામાં પક્ષીનિરીક્ષણ**

તા. ૯-૩-૦૩, સાથી મિત્રો : ત્રિલોચન છાયા, સુબોધ હાથી, મહમદહુસેન ખત્રી, અશ્વિન પોમલ.

નવીનાળ ઢુઓ : આ ઢુઓ (Sand - dune) દરિયાકિનારે આવેલો છે. અહીં જંગલખાતાની રખાલ આવેલી છે, જેમાં ખેરનાં ઝાડ મુખ્ય છે. અહીં દૂધિયો લટોરો (Large Grey Shrike ) ૨, નાના રાજાલાલ (Small Minivet) ૪, નાનો વનકશ્યો (Common Woodshrike) ૧ જોયા.

કુતલી ઢુઓ : આ જગ્યાએ ઢોંગીલી (Kentish Plover) તથા નાની વાબગલી(Little Tern) ના માળા અગાઉ નોંધાયેલા છે. અહીં ચોટીલી પેણ (Dalmatian Pelican) ૨, ધોળી વાબગલી (Gullbilled Tern) ૧૦, અબલખ (Oystercatcher) ૧૦, નાની ખલિલી (Whimbrel) ૧, નાની વાબગલી (Little Tern) ૧, મોટો ચંડૂલ (Crested Lark) ૫, કાળીપીઠ ધોમડી (Lesser Blackbacked Gull) ૬, મોટાં હંજ (Greater Flamingo) ૨૦, વગેરે પક્ષીઓ જોયા. અહીં એક કબૂત બગલો (Grey Heron) જોયો, જેના પગ ગુલાબી હતા, જે રંગ ફક્ત પ્રજનન ઋતુમાં જ જોવા મળે છે.

કાળાઘોઘા ડેમ : ગુલાબી પેણ (Rosy Pelican) ૩૦, કાળીપૂંછ ગડેરા (Blacktailed Godwit) ૫૦, મોટાં હંજ (Greater Flamingo) ૩, પીળીચાંચ ઢોંક (Painted Stork) ૧૦, કુંજ (Common Crane) ૧૫, ચમચા (Spoonbill) ૧૦.

ખેંગાર સાગર ડેમ : મોટાં હંજ (Greater Flamingo) ૫૦, કરકરા (Demoiselle Crane) ૪, ઊલટી ચાંચ (Avocet) ૨, બ્રાહ્મણી બતક (Brahminy Duck) ૨, ગયણો (Shoveller) ૬૦, લુહાર (Gadwall)૨૦, કાબરી કારચિયા (Tufted Pochard) ૪.

* તા. ૨૩-૩-૦૩ના રોજ ચાડવા રખાલ તથા વાંઢાય (તા. ભુજ) ખાતે એક દૈયડ (Magpie Robin) જોયું. આ પક્ષી કચ્છમાં અલભ્ય છે, પરંતુ હવે તેની સંખ્યામાં વધારો થતો જાય છે.

તા. ૨૩-૩-૦૩ના રોજ ચાડવા રખાલમાં એક દૂધરાજ (Paradise Flycatcher) નો અપુખ્ત નર (Subadult Male) તથા અધરંગ (Tickell's Blue Flycatcher) જોયા. અહીંના ડેમમાં ૪ ફાટીચાંચ ઢોંક (Openbill Stork) , ૧૦ સર્પગ્રીવ (Darter) તથા ૩ મધિયા (Honey Buzzard) જોયા. મારી સાથે અશ્વિન પોમલ હતા.

તા. ૩૦-૩-૦૩ના રોજ માધાપર નજીક શ્યામશિર ગંદમ (Blackheaded Bunting) જોયા.

આ જ દિવસે કુકમાના તળાવમાં વિદાયની તૈયારી કરતાં યાયાવર પક્ષીઓમાં ગયણો (Shoveller) ૧૦, નાની મુરઘાબી (Common Teal) ૪, કાળીપૂંછ ગડેરા (Blacktailed Godwit) ૨, ચોટીલી પેણ (Dalmatian

Pelican) ૧, ટપકીલી તુતવારી (Wood Sandpiper) ૧ જોયા. અહીં તળાવની નજીક આવેલા નીલગિરિના વૃક્ષ ઉપર શકરા (Shikra) ને માળાની તૈયારી કરતા જોયો. બે વખતે તેને પગમાં સળી લઈ જતો જોયો. મારી સાથે અશ્વિન પોમલ હતા.

તા. ૬-૪-૦૩ની રૂદ્રમાતા ડેમ (તા.ભુજ)ની, અશ્વિન પોમલ સાથેની મુલાકાતમાં નીચેનાં અગત્યનાં પક્ષીઓ નોંધ્યાં.

મોટાં હંજ (Greater Flamingo) ૪૦, નાની કાંકણસાર (Glossy Ibis) ૫, ફાટીચાંચ ઢોંક (Openbill Stork) ૬, મધિયો (Honey Buzzard) ૧, સાપમાર ગરૂડ (Short - toed Eagle) ૨.

*શાંતિલાલ વરૂ*
*જૂના વાસ, મંદિર પાસે, માધાપર, ભુજ ૩૭૦ ૦૨૦*

## ટીપે ટીપે તરસ છીપાય!

જુલાઈના પહેલાં અઠવાડિયામાં વરસાદ પડ્યો ત્યારે, બગીચાની વનસ્પતિ ઉપર પાણીનાં ટીપાં બાઝી ગયા હતાં. એક તલિયો હોલો (Spotted Dove) હળદરના પહોળા પાનની કિનારી ઉપરથી કંઈક પકડતો હોય તેવું લાગ્યું. પાન ઉપર ખાવા લાયક તો કશું હતું જ નહીં, પરંતુ પાનની કિનારી ઉપર જ્યાં ચાંચ અડી હતી ત્યાં, પાણીનાં ટીપાં ન હતાં, આથી પાન ઉપરનું પાણી પીતો હશે એવું અનુમાન કર્યું.

**નઝીર એ. ઠાકોર**
*ગુજરાત એગ્રી. યુનિ., આણંદ*

## વઢવાણની આસપાસ

તા. ૨૮-૫-૦૨ના રોજ મેં, યોગેન્દ્ર શાહ અને ફારૂક ચૌહાણ સાથે સુરેન્દ્રનગરના શહેરી વિસ્તાર પૂરતો શકરા (Shikra) નો 'સર્વે' કરેલ, જે નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યા | વૃક્ષ | માળાની ઊંચાઈ(આશરે) | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બોડાતળાવ | નીલગિરિ | ૪૦ ફૂટ | ૩ |
| ૨ | મીલ બંગલો | નીલગિરિ | ૩૦ ફૂટ | ૨ |
| ૩ | ટી.બી.હોસ્પિટલ | પેલ્ટોફોરમ | ૧૫ ફૂટ | ૨ |
| ૪ | રેલવે હોસ્પિટલ | નીલગિરિ | ૧૫ ફૂટ | ૧ |

આ સિવાય અન્ય પક્ષીઓએ માળા કરી બચ્ચાં ઉછેરેલ, જેની યાદી નીચે મુજબ છે.

૧. ૧૭-૩-૦૨, વઢવાણ લીંબડી વચ્ચે ચકવા (Stone Curlew) નો માળો, જેમાં બે ઈંડાં.

૨. ૨૮-૫-૦૨, વગડાઉ ટિટોડી(Yellow-wattled Lapwing)નો માળો તથા બે ઈંડાં, વઢવાણ-ખાટવાના, ખરાબામાં.

૩. ૨૦-૬-૦૨, પીળક (Golden Oriole)નો માળો તથા ત્રણ બચ્ચાં, વઢવાણ વિકાસ વિદ્યાલયના 'કેમ્પસ'માં જોયો.

૪. ૨૩-૬-૦૨ રણગોધલા (Indian Courser)ના માળા તથા બચ્ચાં જોયા. હું, સમીત તથા ફારૂક ચૌહાણ પાટડી તાલુકામાં ગયા હતા ત્યારે.

૫. ૭-૭-૦૨ હું ફારૂક, તથા યોગેન્દ્ર શાહ લખતર વીડીમાં ગયા હતા. ત્યાં એક ખડમોર(Lesser Florican) ના નરને કૂદતા જોયો. માદા ન દેખાઈ.

૬. લખતર વીડીમાં જ નાના ચંડૂલ (Syke's Crested Lark) નો માળો તથા ત્રણ ઈંડાં જોયા.

૭. ૫-૭-૦૨ વઢવાણનાં ખરાબામાં, નાના ચંડૂલ (Syke's Crested Lark) નો માળો તથા ત્રણ બચ્ચાં જોયાં.

૮. ૧૧-૭-૦૨ વઢવાણ ખાટવા વચ્ચે આવેલી સીમ તલાવડીમાં, ડૂબકી (Little Grebe)નો માળો તથા એક ઈંડું જોયું.

*ચીકુ વોરા*
*લક્ષ્મીપુરા, દૂધરાજ રોડ, સુરેન્દ્રનગર ૩૬૩ ૦૦૧*

## Titbits for Indian Robin

For the last two days Indian Robin *(Saxicoloides fulicata)* was very vocal in my courtyard. This is not the season of their mating.

On 27th Dec., 01 at about 01 o'clock in the noon, a male alighted on the compound wall. Near the wall there is a white ant mound. Some of the termites in the process of increasing the height of the mound came out & were exposed to the sun. The male robin started picking termites one after other. I started counting his picks.

After a while female also arrived there & started picking termites. She was tossing her

tail up & down. The male flew earlier after lifting 29 termites or so. female continued her job for some time & left after 27 picks or so.

While both the birds were active, there seemed to be no panic on the part of termites exposed. Few were seen on the surface of the mound even after the birds left.

***Mr. Digamber Gadgil***
*39, Anandvan Colony, College Road, Nashik.*

## Uncommon sighting of Common Shelduck *(Tadorna tadorna)* in Dandi, Dist.Navsari

It was a chilled winter morning on 1st December 2002. We were watching winter migratory water birds at wetlands of Nani Kakrad area of Dandi Village, Navsari district, about 15km south from Navsari. Several hundreds of waders, ducks, teals and terns were observed.

At around 09.00 a.m., we were watching large flock of Gullbilled Terns and River Terns perched on a small island, about 80-100 feet away from us. One quite bigger whitish bird was also seen resting there. At first sight, we considered it for some 'Gull', but on careful observation it was identified as Common Shelduck. The bird was very beautiful, chiefly whitish with chestnut coloured band over breast. Colours were very bright, suggesting male gender. The bird was silent. We observed it for at least one hour. And then it flew away from us with a flock of Terns, probably to avoid Marsh Harrier's attack.

Almost all reference books have mentioned that, " it is a very rare / casual / uncommon winter visitor" as its status. Its distribution and status in South Gujarat is not well known. Ruddy Shelduck is a known common resident in South Gujarat, but sighting of Common Shelduck in this part is really uncommon and definitely a rare event.

## Birds in wetlands of Dandi

Wetlands of Nani Kakarad area of Dandi Village, Navsari District are some of the richest places for water birds in South Gujarat. The area is estimated to be 3-4 sq. km.,stretching between Navsari and Onjal Village. It is on right side of the road, just 3 km before the Onjal village. Basically it is a part of Dandi village.

Because of its typical terrain, saucer shaped, low lying flat area, these wetlands are covered with potable rainwater for at least five to six months of a year. The area is hardly 1-2 km away from the sea coast, but sea water is not reaching this area even in high tide.

These welands have been given on lease for 'Lobster' *(Homarus gammarus)* breeding. The area has been divided into small rectangular ponds by earthen bunds (pala), on which we can walk and observe birds on either side. Very Small area is covered by Prosopis and Salvadora plantations.

No human habitation is seen nearby, so minimal disturbance is noted, except few sightings of illegal bird poaching and trappings.

Many migratory birds visit these wetlands. Serveral thousands of waders, ducks, teals and terns are seen, which comprise main groups of the birds.

I feel these wetlands provide an important landing site to winter migratory birds in South Gujarat.

On 1st December 2002 we visited these areas early in the morning, at 7-00 am and observed birds till noon.

**List of birds, with their number (in the bracket), sighted in these wetlands,**

Common Shelduck (1), Black Stork (1), Greater Flamingo (two groups, one of about 50 birds and another of about 80 - 100 birds), White - tailed Lapwing (1), Common Crane (5), Avocet (100 +), Redshank (100 +), Greenshank (8-10), Wood Sandpiper (3), Gull- billed Tern (100 +), Grey Heron (12), Purple Heron (4), Painted Stork (16), Pintail (100+), Spotbilled Duck (12-15), Mallard (5), Gadwall(3), Wegion (50-60), Shoveller (100 +) Common Pochard (20 -30) , Coot (1000 +), Purple Moorhen (1), Pheasant -

tailed Jacana (3), Blackwinged Stilt (1000+), Red-wattled Lapwing (8-10), Blacktailed Godwit (10-12), River Tern (100+), Little Cormorant (50-60), Little Grebe (20-25), Cotton Teal (30-35), Intermediate Egret (80-90), Little Egret (100+), Spoonbill (4), Pond Heron (100+), Greater Spotted Eagle (8-10), Marsh Harrier (80-100), Black - winged Kite (4-5), Indian Shikra (1), Pariah Kite (1), Bluethroat (8-10), Collared Bushchat (10-15), Pied Bushchat (3-4), Desert Wheatear (3), Brown Shrike (12-15), Rufous - backed Shrike (4-5), Crested Lark (2).

***Dr. Piyush Patel (M.D.)***

*AVI Arcade, Opp. Doctor House, HALAR Road, Valsad..*

## An Observation Note - Birds seen in & around Kapadvanj

At 10.30 a.m. on 13th Novermber 2001, while going from Kapadvanj to Utkantheshwar, White-eyed Buzzard Eagle was seen drinking water from a riverine flow (Pathhariya River), 2 kms. From Kapadvanj,

At 10.50 a.m. travelling from this place towards Utkantheshwar, which is 21 kms from Kapadvanj, observed 20+ Rosy Pastors on the secondary branch of some unknown thorny species of a shrub under its canopy,

At 1.00 p.m., in the riverbed of Vatrak & its nearby areas, near Kedareshwar Mahadev Temple, 6 kms. away from Utkantheshwar, listed following birds :

Wood Sandpiper -3, Common Sandpiper - 2, Marsh Sandpiper -1, Blackwinged Stilt -3, Little Cormorant - 2, White Wagtail - 6, Median Egret -1, Little Egret -1, Cattle Egret -2, Pond Heron -1, Rufousfronted Wren Warbler -1, Kestrel -1, Oriental Honey Buzzard - 1, Pied Kingfisher-1, Redwattled Lapwing -1, House Swift - 8, Redrumped Swallow - 3, Common Swallow -2, and Dusky Crag Martin - 4.

At 1.15 p.m., nearby, just at a distance of 250 m. saw around 50 - 60 nest holes of Plain Sand Martins (રેત અબાબીલ) made in mudcliffs, along the river bank.

At1.30 p.m., behind the Utkantheshwar Mahadev Temple, in the dry riverbed of Vatrak, noted 1 Singing Bush Lark on the branch of *Euphorbia* sp.

At 6.05 p.m., 16 Black Ibis were seen flying over the Kapadvanj bus stand area.

On way from Kapadvanj to Kathalal, observed 1 Median Egret & 6 Cattle Egrets in an agricultural field & 1 Indian Roller on an electric wire, at 6.30 pm.

## Birds seen in & around Madhasna, Tal. Kheralu, Dist. Mehsana

During my visit to Madhasna village, which is 22 kms away from Kheralu, on 8th December 2001, listed following birds :

Large Grey Shrike -3, Jungle Wren Warbler -1, Ashy Wren Warbler -1, Black Drongo - 12, Pied Chat - 2, Whitethroated Munia - 30+, Yellowlegged Green Pigeon - 6, Alexandrine Parakeet - 2.

## ✻ An Observation Note - Birds seen in GSFC Township, Fertillizer Nagar, Vadodara

On 21-11-2001 at 1.15 p.m. saw one Bonelli's Hawk Eagle on *Ailanthus excelsa* (Family Simaroubaceae / Local Name MOTO ARDUSO).

On 01/12/2001 at 6.05 p.m. saw 48 Black Ibis on Eucalyptus sp.

## Some Avifaunal Observations in North Gujarat (Banaskantha)

- On 19/04/2001 Dharmata Temple (Balaram Ambaji Wildlife Sanctuary)

| | |
|---|---|
| Alexandrine Parakeet | 2 |
| Blossomheaded Parakeet | 2 |
| Eurasian Sparrowhawk | 1 |
| Kestrel | 1 |
| Oriental Honey Buzzard | 1 |
| White - eyed Buzzard | 1 |

Spotted Grey Creeper
(રાખોડી થડચડ, *Salpornis spilonotus*)1
- On 20/04/2001 Near Firozpura village

| | |
|---|---|
| Wryneck | 1 |
| Spotted Flycatcher | 1 |
| Plain Sand Martin | 2 |

- On 22/04/2001 Diyodar, Khara & Bhabhar villages

| | |
|---|---|
| Spotted Owlet | 1 |
| Stone Curlew | 1 |
| Rosy Pastor | 300+ |
| Small Green Bee-eater | 50+ |

- On 22/04/2001 near Nesdi village

| | |
|---|---|
| Rosy Pastor | 100+ |

- On 07/07/2001 Jessore Sloth Bear Sanctuary

| | |
|---|---|
| Jungle Owlet | 1 |
| Pygmy Woodpecker | 1 |
| Alexandrine Parakeet | 2 |

**Hiren Soni**
*Gujarat Institute of Desert Ecology (GUIDE)*

## સફેદ ટીલિયાળી

તા. ૫-૫-૦૨ના રોજ હું અને શ્રેણીક શાહ, પક્ષીનિરીક્ષણ કરવા બોર તળાવ ગયા હતા. ત્યાં એક સફેદ ટીલિયાળી બતક (Spotbill Duck) જોઈ. તેની ચાંચ અને આંખનો રંગ સામાન્ય બતક જેવો જ હતો. આથી તે albino નહોતી. અન્ય પાંચ - સાત સામાન્ય રંગ ધરાવતી ટીલિયાળી સાથે જ ફરતી હતી. શ્રી વિશુભા રાઓલ અને મ.કુ. શિવભદ્રસિંહજીએ તેનું filming કર્યું છે.(૮-૬-૦૩ના રોજ વિક્ટોરિયા પાર્કમાં આવેલા કૃષ્ણકુંજ તળાવમાં મેં આ જ રીતે ૫-૭ ટીલિયાળીના ટોળામાં એક શ્વેત પક્ષી જોયું હતું. કદાચ એ જ પક્ષી હોઈ શકે ? - સં.)

*ઈન્દ્ર ગઢવી*
*પ્લોટ-૨૨૦૦, અંકુર સો., ભાવનગર ૩૬૪ ૦૦૧*

## નળસરોવર વિસ્તારમાં રાજહંસ

નળસરોવરના કાંઠે નાની કઠેચી પાસે શાકર ગામ તળાવ આવેલ છે. ત્યાં, હું તથા અમદાવાદના રહેવાસી શ્રી હેમન્ત કામત, તા. ૨૯-૧૨-૦૨ ડિસેમ્બરના રોજ પક્ષીનિરીક્ષણ માટે ગયા હતા. આ ગામ તળાવમાં ૧૫ થી ૧૬ ફૂટ પાણી, ચારેક કિલોમીટરના ઘેરાવામાં હતું. તેમાં અમોએ વિવિધ જાતનાં પંખીઓ (૩૦ થી ૩૫ જાત) જોયા.ખાસ તો ૪ રાજહંસ (Barheadad Goose) જોયા. બીજું કે, હાલમાં સૂકા નળસરોવરમાં ચાર હજારથી વધારે કુંજ (Common Crane) છૂટીછવાઈ, ઘાસનાં કંદમૂળ ખાતી જોવા મળે છે.

## નળસરોવરમાં દુષ્કાળ

નળસરોવર સૂકું છે. નળસરોવરના 'ઍપ્રોચ રોડ'ની બાજુમાં જંગલખાતા તરફથી બનાવાયેલા નાળાના ઊંડાણવાળા ભાગમાં થોડું પાણી, જંગલખાતા તરફથી 'ટેંકર' મારફત ભરવામાં આવેલું છે. સૂકા સરોવરમાં અમુક જગ્યાઓએ દા.ત. પ્રાબલા તથા શિયાળ બેટ તરફના ભાગમાં જમીનમાં લંબચોરસ ખાડા બનાવીને 'ટેંકર' મારફત પાણી ભરવામાં આવે છે. આ જગ્યાઓએ કેટલાંક સ્થાનિક તથા પ્રવાસી પક્ષીઓ જેવાં કે, કુંજ (Common Crane), કરકરા (Demoiselle Crane), ગાજહંસ (Greylag Goose), કાળા રાતાપગ (Spotted Redshank), રાતાપગ (Redshank), ગજપાંઉ (Blackwinged Stilt), ગુલાબીપેણ (Rosy Pelican), નાની મુરઘાબી (Common Teal), ચેતવા (Gargeny), ગયણા (Shoveller) વગેરે પાણી પીને આરામ કરતાં, અવારનવાર જોવા મળે છે.

ખાસ તો કુંજને આ પાણીથી બહુ જ ફાયદો જણાય છે. કારણ કે, તે આખા સરોવરમાં છૂટીછવાઈ, સરોવરમાં ઊગતાં ઘાસનાં કદમૂળ ચરી ખાતી જોવા મળે છે. ઘણી મોટી સંખ્યામાં નળસરોવરમાંથી આજુબાજુનાં ગામોમાં ખેતરમાં ચરવા માટે ઊડી જતી અને સાંજના સમયે સરોવરમાં રાતવાસો કરવા માટે પાછી આવતી જોવા મળે છે.

હંજ (Flamingo) અને બતકો (Ducks) આસપાસનાં ગામતળાવોમાં વધુ જોવા મળે છે. સરોવરની આજુબાજુમાં આવેલાં રાણાગઢ ગામતળાવ, નાની કઠેચી ગામતળાવ તથા નહેર, વડાગામ તળાવ, શાકર ગામતળાવ, માલીકા ગામતળાવ, છારદ ગામતળાવ અને નળસરોવરમાં છારદ ગામથી આવતી નહેરનો ઊંડાણવાળો ભાગ વગેરે તળાવોમાં થોડું પાણી હોઈ, ત્યાં પક્ષીઓ જોવા મળે છે. ત્યાં પણ પાણી ઓછું હોઈ આખી ઋતુ ચાલશે કે નહીં, તે શંકા છે ખેર ! એતો કુદરતી છે. પંખીઓને તો પાંખ છે, પરંતુ હાલમાં

માણસોને જીવન જીવવું અઘરૂં છે !

*કાસમ સમા*
*વેકરિયા નળસરોવર*

## સાણંદ પાસે પીળીચાંચ ઢોંક

તા. ૨૭-૪-૨૦૦૩ના રોજ સાંજે ૬-૩૦ કલાકે, સાણંદથી મોરૈયા જવાના રસ્તે જતા, વચ્ચે મોટી દેવતી ગામ પાસેના તળાવમાં ૩૮ થી ૪૦ની સંખ્યામાં પીળીચાંચ ઢોંક (Painted Stork) જોયા. જોઈ ઘણો આનંદ થયો.

*ગજ્જર હર્ષિદા વિનોદ*
*૩૯, નિગમ સોસાયટી, ઘોડાસર, અમદાવાદ ૩૮૨૪૪૫.*

## મારા વિસ્તારમાં પોપટ નથી......

નીચે દર્શાવેલા મારા નિવાસસ્થાનમાં એપ્રિલ ૨૦૦૨માં આવ્યા પછી મારા નિરીક્ષણમાં આવ્યું છે કે, અહીં કાગડા, ચકલી જેવાં પંખીઓ દેખાય છે, પરંતુ પોપટ દેખાતા નથી. મારું નિવાસસ્થાન, દસ મકાનોના મોટા 'કોમ્પ્લેક્ષ'માં છે. આ વિસ્તાર તાડવાડીના નામે ઓળખાય છે, કારણ કે અહીં બધે તાડનાં અસંખ્ય ઝાડ છે, જેની ઊંચાઈ ધ્યાન ખેંચે એવી છે. બીજાં થોડાં વૃક્ષો પણ છે.

મને એમ લાગે છે કે, આ તાડવૃક્ષોને કારણે પોપટ જણાતા નથી. શું એ વાત બરાબર છે? મને આપનો અભિપ્રાય જણાવશો તો આભારી થઈશ. (કદાચ તેમ હોય, નિરીક્ષણ કરતા રહેશો - લા.)

*નિપુણ પંડ્યા*
*એચ - ૧૦૧, બેજનવાલા કોમ્પલેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત.*

## 'Friends of Nature '

તા. ૧૨-૩-૨૦૦૩ના રોજ નવસારીની નજીક આવેલા ગામ 'મંદિર'ના 'અંકલ' તળાવ અને તેની નજીક કરેલા પક્ષીનિરીક્ષણની નોંધ 'વિહંગ'માં 'Friends of Nature' વતી પ્રકાશિત કરવા માટે, પ્રથમ વખત મોકલીએ છીએ. આ નિરીક્ષણ મેં અને અશોક પટેલે કર્યું હતું.

તા. ૧૨-૨-૨૦૦૩ના રોજ નવસારી નજીક આવેલ મંદિર નામના ગામમાં આવેલ તળાવમાં અને તેની નજીકના વિસ્તારમાં ફરતા, એક સાથે બારની સંખ્યામાં સારસ અને નજીક આવેલ તાડના ઝાડ ઉપર છની સંખ્યામાં સફેદપીઠ ગીધ જોવા મળ્યાં, જે આ વિસ્તાર માટે અસામાન્ય છે. આ ઉપરાંત ફાટીચાંચ ઢોંક (Openbill Stork) - ૬, હરિયલ (Green Pigeon) - ૨, નાનો કાજિયો (Little Cormorant) - ૨૦, વૈયાં (Rosy Pastor) -૮૦, નાની ડૂબકી (Dabchick)- ૧૨, જલમુરઘી (Indian Moorhen) - ૬, કાળો જલમાંજર (Bronzewinged Jacana) - ૨૨, ભગતડાં (Coot) - ૬, સફેદછાતી કલકલિયો (Whitebreasted Kingfisher) - ૪, ઢોરબગલા (Cattle Egret) - ૩૩, કેંચીપૂંછ વાબગલી (River Tern) - ૨૪, કાળી કાંકણસાર (Black Ibis) - ૧૧ વગેરે હતાં.

*જયરાજ વશી*
*વૈદ્ય સ્ટ્રીટ, સેન્ટ્રલ બેંક પાસે, નવસારી*

## Change In Species Diversity and Abundance of Waterfowl At Thol

Thol bird sanctuary is situated about 25 k.m. from Ahmedabad. It is an irrigation tank in Kadi taluka, built by the erstwhile Gaekwad rulers.

Due to its proximity to Ahmedabad, the lake has been regularly visited and monitored by various individuals and sufficient data has been collected on the species diversity at the lake.

Monsoon in 2002 was a failure. Waterlevel at the lake, as are result of direct precipitation and inflow from the catchments, was only 2.5 feet. The traditional cultivation of paddy, in and around the lake failed consequently. The year 2002 -2003 has been of specific interest for birdwatchers because of the periodic flooding of the pond by Narmada water.

The changes that have occurred as a result of the flooding of the lake seemed slow but alarming in terms of avifaunal diversity. The waterlevel at the western bund of the pond reached 9 feet and then there was periodic draining and flooding of the lake. This meant

that the water level fluctuated between 9 feet to 5 feet at least twice. When the lake was last visited in the first week of May, the water level was 4.5 feet.

The major changes in the avifaunal diversity have been discussed below. The discussion below is based on weekly visits. There is every chance that some of the bird species recorded could have left the site or are still present at the lake but are not sighted because of the large spread of water.

**Ducks, Shelduck, Geese**

All the species of resident ducks i.e. Spot-billed Duck, Cotton Teal, Combduck and Lesser Whistling Teal were seen at the lake. Common migrant species viz. Northen Shoveller, Common Teal, Eurasian Wegion, Northern Pintail, Common Pochard and Tufted Pochard were seen at the lake during most of the visits.

The interesting change in the ducks was seen in Pochards. The number of these diving ducks was very high as compared to the previous years. Large groups of these ducks could be seen at various places in the lake. The number of Tufted Pochard was also high as compared to previous records. These ducks were seen resting and foraging at the deepest parts of the lake. At times the population of the pochards seemed to be as much as 30 % of the entire duck population.

**Skimmer, Gulls, Terns**

Indian Skimmer : A single bird was recorded on one occasion. This bird has been sighted at Nalsarovar. The bird was seen foraging and then when it landed on one of the two islands in the lake, it was mobbed by a group of River Terns resting on the island.

Brown-headed Gull : Large groups numbering up to 300 were recorded thrice. Birds were seen more in the late afternoon. Most of the birds were seen resting and only a few were seen foraging. These birds have been recorded previously at the pond but not in such numbers and regularity.

River Tern : These terns have always been in good numbers at Thol. But this year, the birds have nested at Thol. River terns are known to nest on the bare ground of sand banks of large rivers. At Thol, they nested on the two islands, near the western end of the lake. The islands were almost totally submerged when the water - level was at 8 feet. When the birds nested on islands, the water level was approximately 5 feet. 14 chicks were recorded on one of the visits to the lake.

One of these days an adult of Little Tern was seen feeding a cheek, proving its nesting at the lake.

✳ **Grebes :**

Great Crested Grebe was recorded for the first time at Thol, by us. A pair was first sighted and in May, four male birds were sighted. The Great Crested Grebe has been recorded at Nalsarovar and Pariej. The Little Grebe is found in abundance at the lake.

✳ **Hawks, Kites, Eagles**

Osprey was recorded on four occasions at the pond. This fish- eating hawk is found to frequent large water bodies like rivers, irrigation tanks and jheels. This bird is seen regularly at Pariej. It has also been recorded once in the past, at Thol, but it was about a decade ago. This bird was also seen actively foraging at the lake.

✳ **Comorants**

Great Cormorant : More than 30 birds were recorded on several occasions. They were also seen actively foraging in the pond. On one occasion a single bird was seen pursuing its prey for about five minutes and then it finally was seen with a large catfish in its beak. Their number slowly began to reduce and by the end of March no bird was seen. Again, in the first week of May, a solitary bird was seen resting on an island along with a group of Indian and little cormorants.

Indian Cormorant (Shag) : This bird is very similar to little cormorant but with experience can be distinguished by its larger size and slender bill. Large number of these birds was

seen along with the Little Cormorants from September. They were seen actively foraging in groups at various locations in the lake.

Little Cormorant : This is a common resident bird at most of the wetlands. The birds have been seen more often in the peripheral wetland that surrounds the main lake. This year number of little cormorants has been exceptionally high and mixed groups of Little Cormorants and Indian Cormorants (Shag) have reached as high as five hundred. They are seen perching on the Acacia trees growing in the lake. The important common factor among all these birds is that all have fish as part of their food requirements. Species like Cormorant, Osprey, Terns and Skimmers depend mainly on fish for their diet. This indicates that the lake has a healthy fish population, which is an important factor, along with the presence of water for a longer duration. Rosy Pelicans in large numbers, actively foraging, have also been sighted at the lake. Even in the first week of May, about 250 Rosy Pelicans were seen at the lake, most of them foraging in small groups. It would seem that the fish population at the lake was replenished every time the lake was flooded with the Narmada water.

And this is where certain questions arise.

→ Will the influx of such large quantity of water affect the ecological balance of the pond?

→ Will the periodic rise and fall in the water level affect the micro flora and fauna of the pond?

→ Is the Narmada water, with its abundant micro flora and fauna, going to affect the endemic ecological structure of the lake?

Answers to these questions can only be found with long term monitoring of the phytoplankton, zooplankton and fishes and the continued monitoring of the avifauna at the pond. This could throw some light on the above mentioned questions and help us understand the delicate wetland ecosystem of Thol.

**_Iyer Mohan k._**

*2 TILAK II, Maharashtra Soc., Ahmedabad 380 006*

## રાજકોટમાં ગાજહંસ, પ્રથમ વાર

૨૭ ડિસેમ્બર - ૨૦૦૧માં રાજકોટની પશ્ચિમે ૨૦ કિ.મી. દૂર આવેલ ન્યારી-૧ બંધની મુલાકાત પ્રથમ લેખકે લીધેલી. બંધમાં પાણી ખૂબ ઓછું હતું. સુકાતા જતાં પાણીને કિનારે ખેતરમાં, પાક તૈયાર ઊભો હતો. તેમણે બે હંસ જેવા મોટાં પક્ષી જોયા, પરંતુ ઓળખી શક્યા નહીં. ત્યાર બાદ, ખરાઈ માટે અમે બન્ને ૩૦-૧૨-૦૧ની બપોરે બંધ પર જઈ તેના સૂકા તળિયે ચાલવા લાગ્યા. તુરંત અમે સુંદર ગુલાબી ચાંચ અને પગ ધરાવતાં બે હંસ ઊડતાં અને પાક પાસે ઊતરતાં જોયા. તેને અમે ગાજહંસ (Greylag Goose) તરીકે ઓળખ્યા. ગાજહંસો પાણી પાસેના ખેતરમાં લીલી કૂંપળોનો ચારો ચરવા લાગ્યા. અનુભવી પક્ષીનિરીક્ષકોને પૂછપરછ કરતાં ગાજહંસની રાજકોટ (રાજકોટ જિલ્લા ?) માં પ્રથમ નોંધ હતી. ત્યાર પછીની તા.૨૦-૧-૦૨ની ઠંડી ધુમ્મસ આચ્છાદિત સવારે ગાજહંસની જોડીને પાણીકાંઠે, નાના ખડક પર આરામ કરતી નિહાળી.

'બર્ડ્ઝ ઑફ સૌરાષ્ટ્ર' માં આર.એસ. ધર્મકુમારસિંહજી લખે છે, '' ગાજહંસ એક વખત ઉત્તર સૌરાષ્ટ્રનો નિયમિત શિયાળુ મુલાકાતી હોવો જોઈએ, પરંતુ હવે તે વિરલ રખડુ છે. '' બી.એન.એચ.એસ. જર્નલ, વો. XXVI, પાન ૬૭૪નો અંશ પુસ્તકમાં છે કે, ''હું હીઝ હાઈનેસ મહારાજા જામસાહેબ સાથે 'ક્રિસમસ' પર 'શુટીંગ' કરતો હતો. બાલંભા આસપાસ ત્રણ - ચાર દિવસમાં અમારી ઝોળીમાં અડધો ડઝન ગાજહંસ પણ હતાં.''

**_રાજદીપ ઝાલા, અશોક મશરૂ_**

*'રામ-નિવાસ', પર્ણકુટી સોસાયટી, મેઈન રોડ / એ-૭, આલાપ હેરીટેજ, કાળાવાડ રોડ, રાજકોટ*

## કેંચીપૂંછ વાબગલી (Indian River Tern) ની માળાવસાહત

૨૨, ડિસેમ્બર, ૨૦૦૧ની ઢળતી સાંજે, ન્યારી -૧ બંધથી પરત ફરતાં, પાળા પરથી નીચે બેટડાં પર ૧૩૦ જેટલી કેંચીપૂંછ વાબગલી ઊડતી ઊડતી, અવાજો કરતી હતી, તે જોયું. અંધારું થવા આવ્યું હતું, તો પણ હું અને રાજદીપ નીચે ઊતરી જોવા ગયા. બેટડા પર તેની

માળાવસાહત હતી. ઘણાં નાનાં - મોટાં બચ્ચાં બેટડા પર લટાર મારતાં હતાં. તેની જમીન - સરસી ચાલ જોવાલાયક હતી. કેટલાંક તો પાણીમાં ઝંપલાવી, થોડું તરી, પાછા ફરતાં હતાં. આછા પ્રકાશમાં આ દશ્યો નયનરમ્ય અને આનંદદાયક હતા. ૧૦૦ જેટલાં મોટા કાજિયા (Large Cormorant)ની હાર અસ્ત પામતાં પીળા સૂર્યમાંથી પસાર થઈ રહી હતી.

**અશોક મશરૂ**
*એ-૭, આલાપ હેરીટેજ, કાળાવાડ રોડ, રાજકોટ*

## Crested Serpent Eagle On Beyt Dwarka : An Unusual Record

Ghanshyam Jebalia showed me a photograph of Crested Serpent Eagle, *Spilornis cheela* seated on sea sand at Dunni Point, Beyt Dwarka ! A pair of these eagles had remained on the sand dunes for three days 15th, 16th and 17th October, 2002. The nearest suitable habitat is the Gir National Park and along the wooded hill country of Chhotaudaipur, Rajpipla and the Dangs. Not only is Beyt, way out of this eagle's range, the habitat is totally alien to it. A single bird could be a stray, a pair quite unexplainable !

On one occasion, Ghanshyam reports, the "male" being attacked by an Osprey, *Pandion haliaetus*. The bird was found dead several days later and had a deep gash on the crown of the head.

***Lavkumar Khachar***
*14, Jayant Society, Rajkot 360 004.*

## Birds Nesting on Islands - 'Gaurishankar Lake, Bhavnagar, March to June

Bhavnagar had been very lucky in having an excellent monsoon during 2002. The above-mentioned lake overflowed twice within a few days.

At present the water level in the lake has receded and small islands have appeared. These islands provide an excellent sanctuary to all ground - nesting shore birds and waders. First amongst birds are : Great Stone Plover and River Terns; then Little Tern and Blackwinged Stilts. When the water level will further go down we hope, Kentish and Little Ringed Plover and Lesser Prantincole will be nesting on the same and other islands. This has been the sequence whenever we have had a good monsoon.

Great Stone Plover and River Terns have a few full clutches of two and three eggs respectively and many have hatched and the young ones have been seen running around. Two days back, on 17th May, I located two nests of the Little Terns having two very well camouflaged eggs. More than a dozen nests of Blackwinged Stilt, having their full clutch of four eggs, were also located. I am sending you some video pictures of these birds nesting.

***M.K.Shivbhadrasinhji***
*Bhav-Vilas, nr. Gaurishanker Lake, Bhavnagar.*

## ખંભાતના અખાતનું ચાંચ બંદર

મહુવાથી ૨૫-૩૦ કિ.મી. દૂર, રાજુલા તાલુકાનું ચાંચ બંદર, ખંભાતના અખાતના કિનારે આવેલ છે. ગામમાં તથા આજુબાજુની વાડીઓમાં ઘટાટોપ દેશી વૃક્ષોના કારણે અહીં કાદવ ખૂંદનારાં પક્ષીઓ અને અન્ય પાણીનાં પક્ષીઓની સાથે, વન વગડાનાં પક્ષીઓ પણ જોવા મળ્યાં, જેમાં ડોકમરડી (Eurasian Wryneck), લક્કડખોદ (Yellow - Crowned Woodpecker), અધરંગ (Tickell's Blue Flycatcher), રાખોડીશિર મેના (Grey - headed Myna), નીલ કસ્તૂરો (Blue Rock Thrush), મોટો વન કશ્યો (Large Cuckoo Shrike) ખાસ નોંધપાત્ર હતાં.

મહુવાની આજુબાજુ જોયેલાં પક્ષીઓની યાદીમાં ૧૭૫ જાતનાં પક્ષીઓનો સમાવેશ થાય છે, જેમાં ફુત્કીઓ તથા અમુક શિકારી પક્ષીઓનો સમાવેશ કર્યો નથી. (તા. ૫-૨-૦૩નો પત્ર)

*જયદેવ ધાધલ, પ્રવિણસિંહ ડોડિયા*
*૫૨, શાસ્ત્રીનગર સો., / ૬૨, જવાહર સો., કોલેજ રોડ, મહુવા, જિ. ભાવનગર*

## જામનગરના લાખોટા તળાવમાં ગુલાબી પેણ (Rosy Pelican)

આ વર્ષે સમગ્ર ગુજરાતનાં ઘણાં ખરાં જળાશયો અને તળાવોની ગુલાબી પેણે મહેમાનગતિ માણી છે. જામનગરનાં લાખોટા તળાવને પણ આ પક્ષીઓના યજમાન થવાનું સદ્ભાગ્ય આ વર્ષે સાંપડ્યું છે. તા. ૧૧-૪-૦૩ના રોજ, લગભગ ૩૪ જેટલાં પક્ષીઓ આ તળાવમાં જોઈ શકાયા. તળાવમાં પાણીનાં થોડાં ખાબોચિયાં જ ભરેલાં હોવાથી છેક નીચે, તળાવમાં ઊતરીને પક્ષીઓનું અવલોકન કર્યું. સવારે લગભગ ૯-૩૦ના સમયે પક્ષીઓમાં ખાસ કોઈ હિલચાલ જોવા મળી નહીં. પક્ષીઓ બે જૂથમાં વહેંચાયેલાં હતાં.

*ગૌરવ પંડ્યા,*
*વેટર્નરી કૉલેજ, આણંદ*

## વેટર્નરી કૉલેજ, આણંદ ખાતે સોનેરી શોબિગી (Marshall Iora)

વેટર્નરી કૉલેજ, આણંદ ખાતે આસોપાલવના ઝાડ પર સવારે ૯-૧૫ વાગે, તા. ૨૨ માર્ચ, ૨૦૦૩ના રોજ બે સોનેરી શોબિગી જોવા મળ્યાં. અમારે માટે આટલા નજીકથી આ પક્ષી જોવાનો પ્રથમ અનુભવ હતો. આટલા સુંદર પક્ષી જોઈને મન ખરેખર ઘણું જ પ્રફુલ્લિત થઈ ગયું.

*ગૌરવ પંડ્યા, ડી.એન.રાંક*
*વેટર્નરી કૉલેજ, આણંદ*

## ટિલોરનો શિકાર....

સુરેન્દ્રનગરથી ૨૮કિ.મી.દૂર લખતર ગામ આવેલું છે, જ્યાં અમે અવાર-નવાર પક્ષીનિરીક્ષણ કરવા જઈએ છીએ. ત્યાં ખૂબ જ સુંદર ઘાસનાં વીડ છે, જ્યાં વિવિધ પક્ષીઓ જોવા મળે છે.

આ જ જગ્યા પર, તા. ૨૮-૧૧-૦૨ના રોજ અમોએ એક ટિલોર (Houbara) મરેલ જોયો. આ પક્ષીનું કુદરતી મૃત્યુ ન હતું. પક્ષી, ગાડા માર્ગ ઉપર પડેલું હતું. તેનો કોઈએ શિકાર કર્યો હતો, પાંખો જુદી કરેલ હતી, બન્ને પગ જુદા કરેલ હતા. માથાના તથા પૂછડીના પીંછા અલગ પડ્યાં હતાં. શરીર પરનાં પીંછા તથા બાકીનો રહેવા દીધેલ ભાગ પડ્યો હતો.

ટિલોર એ લુપ્ત થતું પક્ષી છે. લોકોએ તથા જવાબદાર વહીવટીતંત્રએ આ અંગે સજાગ થવું જરૂરી છે.

*યોગેન્દ્ર એમ. શાહ*
*આનંદ, અજીતનાથ સોસાયટી પાસે, જીન્તાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨*

# ગીધ પર જાપતો



* ગિરનારી ગીધ (Longbilled Vulture) નું પ્રજનન

તા. ૧૩-૪-૦૩ના રોજ ભુજ તાલુકાના એડમન્ડ લેકની નદીની ભેખડમાં ગિરનારી ગીધના પાંચ માળા જોયા. તેમાંથી ૪ માળામાં, દરેકમાં એક બચ્ચું નજરે પડ્યું. બાકીના એક માળામાં ઈંડાંની શક્યતા છે. દરેક માળામાં એક પુખ્ત પક્ષી બેઠેલું હતું.

અત્યારે, જ્યારે આ ગીધની વસ્તી ભારતભરમાં ઘટી રહી છે ત્યારે, આ પક્ષીનું પ્રજનન થાય તે સારી નિશાની છે. આ દર્શાવે છે કે, હવે ગીધની સંખ્યા ધીરે ધીરે વધી રહી છે. આ જ જગ્યાએ લખનારે વર્ષો પહેલાં આ પક્ષીનું પ્રજનન જોયું હતું.

*અશ્વિન પોમલ, શાંતિલાલ વરૂ*
*પોમલ જ્વેલર્સ, વોકળા ચોક,/જૂના વાસ, ટેમ્પલ શેરી, માધાપર, ભુજ*

* મેં દેવળિયા સફારી પાર્ક પાસેના દેવગામ (ગીર) પાસે તા. ૬-૧-૦૩ના સવારના ૧૦-૦૦ વાગે મરેલી ગાયના મૃતદેહ ઉપર ૧ સફેદપીઠ ગીધ (Whitebacked Vulture) અને ૧ ખેરો (Scavenger Vulture), એમ ૨ ગીધ જોયા.

મેં. તા.૩-૧૨-૦૨ના રોજ સાસણ (ગીર) પાસેના

આધોડિયાથી આગળ બે રાજગીધ (King Vulture) આકાશમાં ચકરાવા લેતાં જોયા. રાજગીધ ક્વચિત જ જોવા મળે છે. રાજગીધના નીચેના દેખાવ પરથી તેને ઓળખી કાઢ્યા.

*જય ભરાડ*
*આદર્શનગર-૧, શેરી નં. ૫, જુનાગઢ*

✳ તા. ૨૯-૫-૦૦ના રોજ તારાપુરથી રોહિણી, તા. ખંભાત જતાં, જીચકા નજીક, ૧૮ ગીધ ( Whitebacked Vulture) મરેલાં ઢોર પાસે જોવા મળ્યાં. ફરીથી તા. ૧૮-૧-૦૩ના રોજ જીચકાથી એક કિ.મી. પહેલાં, આંબલિયારા ગામમાં પ્રવેશ સ્થળે, ૧૦ ગીધ મરેલાં ઢોર પાસે જોવા મળ્યાં, જે આ વિસ્તારમાં તેઓનો સ્થાયી નિવાસ પૂરવાર કરે છે.

*ડૉ. એસ.સી. વશિષ્ઠ*
*૪૯, કૃષ્ણા હાઉસીંગ સોસાયટી, સ્ટેશન રોડ, આણંદ.*

✳ ભવાની રોડ પ્લાન્ટેશન :

મહુવાથી, દરિયાકિનારે આવેલ ભવાની મંદિરે જતા રસ્તામાં ખેતીવાડી યુનિ.ના 'પ્લાન્ટેશન'માં આવેલ નાળિયેરીનાં વૃક્ષો ઉપર શ્વેતપીઠ ગીધોના ઓછામાં ઓછા દશેક માળાઓ છે. મહુવાની આજુબાજુમાં ૪૦ થી ૫૦ ગીધ નિયમિત ઊડતાં જોવા મળે છે. 'પ્લાન્ટેશન'માં એક ભગવી સમડી (Brahminy kite), એક મધિયો (Oriental Honey - Buzzard) તથા એક મોસમી શાહિન (Peregrine Falcon) પણ જોવા મળેલ. (તારીખ અને સમય આપવા જરૂરી - તંત્રી)

*જયદેવ ધાધલ, પ્રવિણસિંહ ડોડિયા*
*૫૨, શાસ્ત્રીનગર સો., / ૬૨, જવાહર સો., કૉલેજ રોડ, મહુવા, જિ. ભાવનગર*

✳ નવસારી, મંદિર ગામ પાસે ૬ સફેદપીઠ ગીધ, તા.૧૨-૩-૦૩

*'ફ્રેન્ડ્ઝ ઑફ નેચર',*
નવસારી

# સારસ વૉચ



✧ લખતર વીડીમાં બે જોડી સારસની જોઈ, પરંતુ માળો ક્યાંય ન દેખાયો.

લખતર ગામ તળાવમાં પણ એક જોડી સારસની જોઈ, માળો ન દેખાયો.

વઢવાણ ટાઢીવડલી વિસ્તારમાં એક જોડી સારસની જોવા મળે છે.

વઢવાણ એમકાના રસ્તે એક જોડી સારસની છે, એ માળો કરતી હોય એવું જણાય છે.

સારસ આ વખતે માળા માટે મોડું કરતાં હોય, એવું જણાય છે.

*ચિકુવોરા, ફારૂક ચૌહાણ, યોગેન્દ્ર શાહ*
*સુરેન્દ્રનગર*

## ✧ એપ્રિલમાં સારસનો માળો

એપ્રિલ ૩, ૨૦૦૩ના રોજ આણંદ પાસેના ચિખોદરા - વેડવા રસ્તા ઉપરની તળાવડીમાં સારસનો એક માળો જોયો. તળાવડીમાં ઉગેલ જળકુંભી (Water hycinth) ભેગી કરીને તેનો માળો બનાવ્યો હતો તથા તેમાં બે ઈંડાં હતાં. એકાદ એકરની આ તળાવડી રસ્તાની એટલી નજીક છે કે માળા ઉપર બેઠેલ સારસને ચાલુ વાહને પણ જોઈ શકાય છે. માર્ચની ૧૫ થી ૧૭ દરમિયાન આ જગ્યાએ સારસની આ જોડે માળો બનાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ ઈંડાં મૂક્યાં ન હતાં. ૩જી એપ્રિલે સવારે, ૧૦૦+ સફેદ પેણ (White Pelican), ચિખોદરા ગામ ઉપર ચક્કર લગાવતી જોઈ.

*પરસોત્તમદાસ ચાવડા, નજીર એ. ઠાકોર*
*બાયોકંટ્રોલ લેબ, ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ.*

✧ પ્રવાસ દરમિયાન રસ્તા નજીક ખેતરો વગેરેમાં સારસની નોંધ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| તા. ૧-૨-૦૧ | ૨ | સાણંદથી વડનગર જતા કૃષ્ણા હૉસ્પિટલ પાસે. |

| | | |
|---|---|---|
| તા. ૧-૭-૦૧ | ૫ | તા.તારાપુર, જિ.આણંદમાં સાઠથી કણજર જતા, ૧૦ કિ.મી. દૂર ભંડેરજ નગરા ક્રોસિંગ નજીક. |
| તા. ૨૩-૯-૦૧ | ૨ | લિંબાસી થી તારાપુર જતા, લિંબાસી કેનાલ પાસે. |
| તા. ૨૩-૯-૦૧ | ૨ | નવ આખોલ(તા.ખંભાત) જતા. |
| તા. ૭-૨-૦૨ | ૨+ ૧ બચ્ચું | ખેડા - અમદાવાદ 'નેશનલ હાઈવે' ઉપર, કનેરા ગામ પહેલાં. |
| તા. ૧૫-૭-૦૨ | ૨ | નડિયાદથી આણંદ રેલવે લાઈન - લાંભવેલ 'સુએજ પોન્ડ'માં. |
| તા. ૧૭-૧૨-૦૨ | ૨ | ઉપર મુજબ |
| તા. ૩-૧-૦૩ | ૨ | બાંધણીથી પેટલાદ જતા પોરડા પછી. |
| તા. ૧૬-૧-૦૩ | ૨ | નડિયાદથી આણંદ રેલવેલાઈન- લાંભવેલ 'સુએજ પોન્ડ'માં. |

*ડૉ. એસ.સી.વશિષ્ઠ*
*૪૯, કૃષ્ણ હાઉસિંગ સોસાયટી, સ્ટેશન રોડ, આણંદ.*

✧ નારદાની નજીક ખેતરમાં ૨૫ સારસ જોયાં (૧૪-૧-૦૩)

*ડૉ. રેખા - ડૉ. આર.બી.બલર*
અમદાવાદ

✧ નવસારી, મંદિર ગામ પાસે ૧૨ સારસ તા. ૧૨-૩-૦૩

*'ફ્રેન્ડ્ઝ ઑફ નેચર',*
નવસારી

## ✧ After one year almost !

Coming back home was a good feeling and the same become more rewarding when one enjoys the moments as enjoyed before. I am talking about watching Sarus!

On May 28th 2003, we decided to go for a Sarus watch. I knew this area before, as it was my study site during my Ph. D. However, each time is more exciting, as some new things come up. Apart from me, we were with a crane researcher from Sweden, Dr. Mikael Hake. As we had less time we decided to watch the five major reservoirs and the linked roads. The advantage of doing so was to cover the important Sarus area. We started from Anand at about 8 a.m. and our first sighting of Sarus was at Sojitra, where we saw a pair. Then we went to Tarapur to see the Kanewal reservoir. We did not see any, but while talking to the local people we were informed that, during evening, sometimes a pair comes. We were a bit disappointed, and it was but obvious as a lot of fishing activities were taking place in this reservoir. We stayed there for half an hour to see around. Oh ! On the edge of the island, one pair landed. So coming to Kanewal was not that bad. From Kanewal we went to Pariej and we saw 5 adults and 2 subadults standing and feeding on the marsh, at the edge of the reservoir. Then we went to Narda. Narda is always one of my favourite sites. The reservoir was almost at dead storage level, but at the edge on the Ipomoea - marsh we counted 23 Sarus, 19 adults and 4 subadults. Gobrapura was absolutely beyond my expectation. The reservoir was absolutely dry, except for a small wet patch with little vegetation. There we saw only 3 adults. We were wondering where the cranes are ??? Then we decided to take a turn from Gobra towards Chanor. Near Chanor we saw 17 adults in an inundated fallow field. That explains, we were more towards the agricultural field before Vastana Village. It was the most rewarding site for us. We counted 123 cranes. Some scattered, few pairs below the tree shade and more on the inundated paddy fileds. In total we saw 117 adults and 6 Subadults. It was almost 3 pm so we decided to go back. While returning we visited Bhanderaj. There were no cranes, but on the opposite side of the reservoir we saw 2 pairs.

That was a nice trip, and more for me to see my Sarus after a long period of time. Although I had an opportunity to see European cranes at Israel, Germany and in Sweden, but still....Sarus makes a special place to my feelings !

***Aeshita Mukherjee, C.K. Borad and Mikael Hake***
Department of Desert Ecology, Ben - Gurion University, Israel.

# પત્ર-સેતુ



## ✍ 'વિહંગ' અંક શરદ, ૨૦૦૨ ઉપર ટિપ્પણી

શરદ, ૨૦૦૨ના 'વિહંગ'ની નિરીક્ષણ નોંધમાં અમુક નિરીક્ષકોએ સવાલો પૂછયા છે. હું આ મિત્રોની જીજ્ઞાસા પૂરી કરી શકું, પરંતુ હાલ મારી પાસે બીજા એટલાં બધાં લખાણો કરવાના છે કે, આ વિશેષ લખાણ માટે સમય ફાળવવો શક્ય નથી. હું આશા રાખું કે આ કાર્યની કોઈ જવાબદારી ઉપાડી લે. It would certainly help to spread the knowledge about ornithology. What we need today is a mentor who could guide birdwatchers and also satisfy their curiocity.

કાસમ સમાને એપ્રિલ માસમાં સફેદ ઢોંક (White Stork) જોઈ આશ્ચર્ય થયું, પરંતુ ઘણી વાર આ પક્ષી મોડે સુધી ખોરાક વિગેરે સારા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો રહી જાય છે. કાસમભાઈએ શ્વેતપૂંછ ટિટોડી (Whitetailed Lapwing)ને બચ્ચાં ઉછેરતી નોંધી, તે હકીકત અવશ્ય નોંધપાત્ર છે. પરંતુ આવા કિસ્સામાં શક્ય હોય તો ફોટા પડાવી અને કોઈ નિષ્ણાત વ્યક્તિના માર્ગદર્શન વડે 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'માં તેની નોંધ મોકલવી જોઈએ. (એપ્રિલ, સને ૧૯૪૫ની સાલમાં ઊલટીચાંચ(Avocet) નું કચ્છના મોટા રણમાં ડૉ. સલીમઅલીએ ભારતમાં પ્રથમ વાર પ્રજનન નોંધ્યું હતું.) સંજોગો અનુકૂળ હોય તો યાયાવર પંખીઓ આપણે ત્યાં બચ્ચાં ઉછેરી શકે છે.

ભાઈ ચીકુ વોરાએ ગીરમાં સાગના ઝાડ પર હરિયલના માળા અને ઈંડાં નો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, તેઓ ઈંડાંની સંખ્યા ગણી ન શક્યાં. કબૂતર, હોલાં વિ. કુળનાં પંખીઓ ફક્ત બે જ ઈંડાં મૂકે છે. મેં કબૂતર રાખ્યાં હતાં. મારો અનુભવ એ છે કે, આ પક્ષીનાં બચ્ચાંમાં અવશ્ય એક નર અને બીજી માદા ઊછરે છે. બેશક, આમાં કોઈ અપવાદ હોઈ શકે.

વિરેન્દ્રસિંહ ઝાલાએ પ્રશ્ન કર્યો છે કે, પ્રવાસી પક્ષીઓનું આગમન મોડું કેમ થયું ? ટીંબી તળાવમાં તે વખતે પાણી ઊંડું હતું કે છીછરું ? કાદવ ખૂંદનારા પંખી (Waders) છીછરા પાણીમાં રહેવાનું પસંદ કરે છે. તેમની ગેરહાજરીનું બીજું કારણ એ હોઈ શકે કે, એ વર્ષે કચ્છનાં નાના અને મોટા રણમાં પાણી ભરેલું હોય. નળ સરોવર અને બીજાં જળાશયોમાં પૂરતું પાણી હોય તો એ પક્ષીઓ તેવી જગ્યાઓમાં રોકાઈ જાય અને ખોરાક ઈત્યાદિમાં ઘટાડો થાય ત્યાર બાદ અન્યત્ર જાય. આપણા ઉપખંડમાં આવતાં યાયાવર પંખી મુખ્યત્વે અફઘાનિસ્તાન, બલુચિસ્તાનના માર્ગે પ્રવેશે અને લગભગ જુલાઈ / ઑગષ્ટમાં આપણે ત્યાં આવવાનું શરૂ કરે છે. ત્યાર બાદ, સપ્ટેમ્બર માસમાં તેમનો પ્રવાહ ઘેરો થાય છે.

શક્ય હોય તો પક્ષીનિરીક્ષકોએ એક વાર, સારા પ્રમાણમાં વરસાદ થયો હોય ત્યારે, કચ્છના નાના રણની મુલાકાત લેવી જોઈએ. ત્યાં હજારોની સંખ્યામાં બતક અને કાદવ ખૂંદનારાં પક્ષીઓનો વિશાળ સમુદાય એકઠો થાય છે, જે જોવાનો લ્હાવો લેવા જેવો છે. એ પાણીના ભરાવામાં જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પાણીનાં પંખીઓ છવાયેલાં દૃષ્ટિગોચર થાય છે.

ગીધની સંખ્યા વિશેની હાલ માહિતી એકઠી થઈ રહી છે, તેવે સમયે 'વિહંગ'માં પંખીપ્રેમીઓ તરફથી સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. પરંતુ આ માહિતી આપનારા પૈકી મોટા ભાગના ભાઈઓએ કયા પ્રકારનાં ગીધ જોયા તેનો ઉલ્લેખ કર્યો નથી. આ અધુરાશ રહેવી ન જોઈએ.

ગુજરાતમાં સ્થાનિક નિવાસી પક્ષીઓ વિશે મને પૂરતી માહિતી ન હોતાં ભાઈ કાસમ સમાએ નળ સરોવર પાસે જોયેલી રણ બુલબુલ (Whitecheeked Bulbul) વિશે મારો પ્રતિસાદ આપવાનું મેં ટાળ્યું હતું. પરંતુ રહી રહીને એ બારામાં કંઈક લખવાનું મન થાય છે. પહેલાં તો એ સવાલ ઉપસ્થિત થાય કે એ વિભાગમાં રણ બુલબુલ અસ્તિત્વ ધરાવે છે ? તે પછી એ લખું કે, હિમાલયન બુલબુલ કેવી રીતે અલગ પડતી હતી ? ભાઈ સમાએ તેનું વર્ણન કર્યું નથી. હું જાણું છું ત્યાં સુધી, બુલબુલની જાતો લાંબો પ્રવાસ કરતી નથી. જો પહેલા સવાલનો જવાબ નકારમાં હોય તો એ પંખી કોઈ પાંજરામાંથી નીકળ્યાં હોય. જો રણ બુલબુલ ત્યાં અસ્તિત્વમાં હોય યા સ્થાનિક નિવાસી હોય તો, સંભવ છે કે, જુદું ભાસતું પક્ષી રણ બુલબુલનું કોઈ પ્રકારનું mutant હોય. હું આશા રાખું કે, આપણા પક્ષીવિદો પૈકી કોઈ મહાનુભાવ આ બાબત પર તેમનો ઠોસ અભિપ્રાય આપે. (રણ બુલબુલ આ વિસ્તારમાં સ્થાનિક નિવાસી છે અને મેં ગાંડા બાવળમાં ૩ ફૂટની ઊંચાઈએ બનાવેલો તેનો માળો

નળસરોવરના કાંઠાના વિસ્તારમાં જોયો છે. - સં.)

## ✍ પક્ષીનિરીક્ષણમાં ચોકસાઈ જરૂરી છે..

'વિહંગ'ના ગ્રીષ્મ ૨૦૦૩ના અંકમાં 'નિરીક્ષણ નોંધ'માં ઘણી રસપ્રદ માહિતી નિરીક્ષકો તરફથી આપવામાં આવી છે, પરંતુ મારી દૃષ્ટિએ તેમાં અમુક અધુરાશો રહી ગઈ છે. પંખીઓના અભ્યાસ વિશે લખતી વેળાએ તે અભ્યાસ આદરવાનો સમય અને તે નિરીક્ષણ સવારે કર્યું કે સાંજે, તે જણાવવું જરૂરી છે. તેની સાથે, એ વિગતો વધુ ઊંડાણપૂર્વક હોવી જોઈએ.

દાખલા તરીકે પાના નં ૧૩ ઉપર, ઝાડની ટોચ પર બે કાબરો, કાગડાના જૂના માળામાં દાખલ થઈ તેવો ઉલ્લેખ છે, પરંતુ એ માળાનો ઉપયોગ કરવાનું એ કાબરોએ કેવી રીતે શરૂ કર્યું, તે સંબંધમાં વિગતવાર માહિતી આપેલ નથી. સામાન્ય રીતે કાબર કોઈ ઝાડમાં અથવા મહદ્ અંશે મકાન, દિવાલ ઈત્યાદિમાં, બખોલ હોય તેમાં માળા કરતી હોય છે. તો આ કિસ્સામાં ઝાડની ટોચ પર ખુલ્લામાં આવેલ કાગડાના માળામાં ક્યા પ્રકારના સુધારા વધારા કર્યા ?

જે પંખીઓમાં નર અને માદાનો રંગ અલગ હોય તેમના વિશે લખવામાં વધુ ચીવટથી માહિતી આપવી જરૂરી છે. એ જ પાના પર લોટણ હોલા (Red Turtle Dove) ના માળાની વાત લખતાં એ ઉલ્લેખ કર્યો છે કે, માળામાં એક પક્ષી હતું અને બીજું બાજુની ડાળ પર બેઠું હતું. હવે આ કિસ્સામાં માળામાં માદા બેઠી હતી કે નર, તે જણાવવું જરૂરી હતું. લોટણ હોલામાં નર માદાના રંગ તદ્દન જુદા હોય છે, તેથી તેમની જાતિ ઓળખવી મુશ્કેલ નથી. બીજી અગત્યની વાત એ છે કે, એ નિરીક્ષણ દિવસના કયા ભાગમાં કરેલું હતું ? સવારે કે સાંજે? આ માહિતી સાથે સમય પણ જણાવી શકાય તો તે ઉપયોગી થઈ પડે. કબૂતરના કૂળનાં લગભગ બધાં પંખી બે ઈંડાં મૂકે છે, તેમાં નર અને માદા વારાફરતી તેને સેવે છે અને બચ્ચાંને ખવડાવે છે. સામાન્ય રીતે માદા સાંજે માળામાં રહે છે અને બીજા દિવસની સવાર સુધી તે તેની ફરજ બજાવે છે, જ્યારે નર પક્ષી સવારે લગભગ ૧૦ વાગ્યે ઈંડાં સેવવાનું ચાલુ કરે છે તે સાંજના ૪ની આસપાસ સુધી. આ રીતે પ્રજનનની ફરજોની વહેંચણી થતી હોય છે. જો લોટણ હોલાં વિશે આ જાતની વિગત મેળવી શકાય તો એ બારામાં વધુ ચોક્કસ હકીકત જાણવા મળે. સ્ટુઅર્ટ બેકરે પ્રસિદ્ધ કરેલ પુસ્તક, 'Nidification of the Birds of the Indian Empire' માં ઘણાં પંખીઓના પ્રજનન વિશે માહિતી આપવામાં આવી છે, પરંતુ તેમાં પણ અમુક વિગતો વાંચવામાં આવતી નથી.

હું હંમેશ પક્ષીનિરીક્ષણમાં પૂરતી ચોકસાઈ રાખવા માટેની હિમાયત કરતો રહ્યો છું. સમય, દિવસના કયા ભાગમાં નિરીક્ષણ કર્યું, ઈત્યાદિ વિગતો જો ચોકસાઈપૂર્વક આપવામાં આવે તો તે પક્ષીવિજ્ઞાન માટે ઉપયોગી નીવડે. ઘણી વાર આપણને અગત્યની ન લાગે તેવી બાબતો પણ નોંધી લેવી જોઈએ, કારણ કે તે પણ ઉપયોગી નીવડી શકે. મેં જે વિચારો વ્યક્ત કર્યા છે, તે કોઈ ટીકાત્મક દૃષ્ટિએ નહીં, પરંતુ ફક્ત પક્ષીનિરીક્ષણમાં માર્ગદર્શન આપવાના હેતુથી લખ્યા છે.

'વિહંગ'માં નિરીક્ષણ નોંધો વાંચવાથી એ હકીકત સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે, પંખી જોનારા લોકોમાં અખૂટ ઉત્સાહ છે. સાથે સાથે પક્ષીવિજ્ઞાનમાં રસ લેતા ઈસમોમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. એ કારણસર મારા અંગ્રેજી લખાણમાં મેં સૂચન કર્યું છે કે, શ્રી લવકુમાર ખાચર, જો 'વિહંગ'ના અંકોમાં પક્ષીઓને કેવી રીતે ઓળખવા તે બારામાં, પોતાના એ વિષયના જ્ઞાન અને બહોળા અનુભવના આધારે લેખમાળા આપે, તો તે ઘણી જ ઉપયોગી થશે. સાથે સાથે પંખીનિરીક્ષણમાં કેવા પ્રકારની વિગતો ટાંકવી જરૂરી છે, તે પણ જણાવે, તો આગળ જતાં તેને એક પુસ્તકના રૂપમાં પણ પ્રસિદ્ધ કરી શકાય, જે આવનારી પંખીપ્રેમીઓની પેઢીઓ માટે એક ઉમદા માર્ગદર્શિકા બની શકે.

ફક્ત પક્ષીઓ જોવા, તેમનાં બારામાં લખવું, યા પંખીઓની યાદીમાં ઉમેરો કરવાથી પક્ષીવિજ્ઞાનનું ખરું ધ્યેય સિદ્ધ નથી થતું. જે લોકો પક્ષીઓ વિશે જ્ઞાન ધરાવતા હોય, તેમનામાં ઉંડો રસ લેતા હોય તે પૈકી અમુક વ્યક્તિઓ આપણાં પક્ષીઓ વિશે વિગતવાર અભ્યાસ કરે, તે પણ જરૂરી છે. ખુદ ડૉ. સલીમઅલીએ પણ સુઘરી (Baya Weaver Bird) ના પ્રજનનનો અભ્યાસ કરી તેનો અહેવાલ રજૂ કરેલ. ગુજરાતમાં પણ એ રીતનો અભ્યાસ કરવા માગતા નિરીક્ષકો, સર્વ શ્રી લાલસિંહભાઈ, ડૉ. પારાશર્ય અને બીજા પક્ષીવિદોના માર્ગદર્શન તળે, એ પ્રકારનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી શકે.

*મ.કુ. હિંમતસિંહજી*
*જ્યુબિલી ગ્રાઉન્ડ, ભુજ-૩૭૦૦૦૧*

## ✍ કેટલીક વાત.....

આજે જ ' વિહંગ'નો ગ્રીષ્મ ૨૦૦૩નો અંક

મળ્યો. દર વખતની જેમ એક જ બેઠકે વાંચી ગયો. કહેવાની જરૂર નથી, પણ રહેવાતું નથી કે શ્રી હિંમતસિંહજી અને શ્રી લવકુમાર ખાચરના લેખોથી 'વિહંગ'નું મૂલ્ય કેટલાંય ગણું વધી જાય છે. બન્ને નમ્ર અને તજજ્ઞ પક્ષીનિરીક્ષકોનો લાભ આજની પેઢીના પક્ષીનિરીક્ષકોને મળે છે, એ બદલ 'વિહંગ'ને અભિનંદન!

ત્રણ મુદ્દા જે મારા ધ્યાનમાં આવ્યા તે વિશે લખવા માગું છું. પ્રથમ તો, મારી નોંધને બે ભાગમાં જુદા - જુદા પાનાં ઉપર (ઊંધા !) છાપવા બદલ ફરિયાદ છે. (તમારી ફરિયાદ વ્યાજબી છે. ગમે તેટલી કાળજી રાખવા છતાં કોમ્પ્યુટરના 'સેટિંગ'માં છેલ્લી ઘડીએ ફેરફાર થઈ જતાં હોય છે, જે ક્ષમ્ય ગણશો. - સં.) ત્યાર બાદ, મુકેશ ભટ્ટની બે નોંધ પર ટિપ્પણી કરવી જરૂરી લાગે છે. તેમની નોંધ ''નાની પાનબગલી....'' માં તેમણે Nilgiri Flycatcher નો ઉલ્લેખ કર્યો છે. આ પક્ષી ભારતમાં પશ્ચિમ ઘાટના દક્ષિણ ભાગમાં એટલે કે, કર્ણાટક, કેરલ અને તમિલનાડુમાં જંગલોમાં જોવા મળે છે. ગુજરાતમાં રતનમહાલમાં તેનું મળવું દુષ્કર છે. તેમણે જોયેલ પક્ષી મોટે ભાગે હરિતનીલ માખીમાર (Verditer Flycatcher) હોય તેવું પ્રતીત થાય છે. આ અંગે શ્રી લવકુમાર સાહેબનો પ્રતિભાવ પણ મળશે એવી અપેક્ષા રાખું છું. મુકેશ ભટ્ટની જ બીજી નોંધ 'તલિયા ટપૂસિયાના માળા' માં તેમણે વાંકીચાંચ લેલાનું અંગ્રેજી નામ "Slatyheaded Scimitar Babbler " આપ્યું છે. ગુજરાતમાં માત્ર " Indian Scimitar Babbler " જોવા મળે છે. તેમણે લખેલ પક્ષી તો માત્ર હિમાલય અને પૂર્વોત્તર ભારતમાં જ જોવા મળે છે. આ બન્ને ક્ષતિઓ અંગે ભૂલસુધાર જરૂરી લાગે છે. આપના તરફથી યોગ્ય ચકાસણી કરશો. Picforial guide માં સલીમ અલીએ પણ આ જ નામમાં થાપ ખાધી હોય એમ લાગે છે. તેમાં Slatyheaded Scimitar Babbler એ જ ઉલ્લેખ છે. Indian Scimitar Babbler એવો શબ્દ જ નથી વાપર્યો.

Grimmett પ્રમાણે હવે આ બન્ને જાતિઓ જ જુદી છે. Indian Scimitar Babbler એટલે *Pomatorhinus horsfieldii* અને Slaty headed નું વૈજ્ઞાનિક નામ છે, *P. schisticephs.* હવે આ પક્ષીનું નવું નામ Whitebrowed S. Babbler છે.

(અત્યાર સુધી ભારતીય ઉપખંડનાં પંખીઓના વર્ગીકરણ, વૈજ્ઞાનિક અને અંગ્રેજી નામો માટે S.D. Ripley નું "Synopsis" (1982) પ્રમાણભુત હતું. "Handbook"માં સ્વ.શ્રી સલીમ અલીએ તે સ્વીકારેલ છે. રીપ્લેએ Slaty-headad Scimitar Babbler *(Pomatorhinus horofieldii)* ને તેના વ્યાપ મુજબ દસ પેટા - જાતો (Sub-species)માં વિભક્ત કરેલ છે, (Synopsis page 323-24 & Sr. no. 1168 to 1177). તેમાંની બે, એટલે કે ક્રમાંક ૧૧૭૨ (આબુથી તાપી) અને ક્રમાંક ૧૧૭૩ (તાપીથી દક્ષિણે) ગુજરાતમાં થાય છે. આ દસ પેટા જાતિઓ માટે રીપ્લેએ અંગ્રેજી નામ તો એક જ Slatyheaded Scimitar Babbler રાખ્યું છે. 'વિહંગ'માં તેના આધારે જ શ્રી મુકેશ ભટ્ટની નોંધમાં તે અંગ્રેજી નામ આપેલ.

હવે વિદેશી લેખકો દ્વારા લખાતાં પુસ્તકોમાં વર્ગાનુક્રમણી, વૈજ્ઞાનિક નામો અને અંગ્રેજી નામો ટીમ ઈન્સ્કીપનાં "An Annotated Checklist of the Birds of Oriental Region" (1996) મુજબ અપાય છે. આથી આ ત્રણેયમાં ધરખમ ફેરફારો થાય છે. મારો એવો ખ્યાલ છે કે પ્રકૃતિ વિજ્ઞાન (Natural History) અંગેની ભારતની સર્વોચ્ચ સંસ્થા B.N.H.S.એ હજી અગાઉની પ્રથા જ ચાલુ રાખી છે. 'વિહંગ'માં આપણે તેને અપનાવીએ છીએ.

ગ્રીમેટ - ઈન્સ્કીપ તથા ક્રીઝની ફીલ્ડ ગાઈડો નવી પદ્ધતિ પ્રમાણે છે. આથી શ્રી પ્રણવ ત્રિવેદીની 'કેટલીક વાતો' નામની નોંધમાં થયું છે તેમ ક્યારેક વિસંવાદ થાય છે. Pictorial Guideમાં સલીમ અલીની કોઈ શરતચૂક થઈ નથી. તેઓ તો ત્યારની સ્વીકૃત પ્રણાલિ પ્રમાણે જ ચાલ્યા છે.

આંતરરાષ્ટ્રીય નવા ફેરફાર મુજબ ગ્રીમેટના પુસ્તકમાં Slatyheaded Scimitar Babbler નવું નામ Indian Scimitar Babler અને વૈજ્ઞાનિક નામ *Pomatorhinus horofieldii* થયું. રીપ્લેની પેટા-જાત (Sub - Species) *P h schisticeps* ને હવે સ્વતંત્ર જાતિ (Species) ગણીને તેને Whitebrowed Scimitar Babbler *(P h schisticps)* નામ મળ્યું છે.

શ્રી પ્રણવ ત્રિવેદીએ આ બાબત ધ્યાન ખેંચ્યું તે સારૂં થયું, જેથી આ ખુલાસો કરવાની તક મળી. આશા રાખું કે તેમને આનાથી સંતોષ થશે.- લા.)

**પ્રણવ ત્રિવેદી**

૧૮, સુકોમલ ફ્લેટ્સ, રામદેવનગર, અમદાવાદ ૩૮૦૦૧૫

## ✍ ડુંગર શાળાની 'ઈકો ક્લબ'

અમારો વિસ્તાર જલ તથા સ્થળનાં પક્ષીઓથી ભરપૂર છે. નિયમિત પક્ષીનિરીક્ષણ કરું છું. શાળામાં 'ઈકોક્લબ'ના સભ્યોને શિબિરોમાં, વિવિધ પક્ષીઓથી માહિતગાર કર્યા હતા, જેમાં ગીરમાં ગિરનારી ગીધ (Longbilled Vulture), ચોટલિયો સાપમાર (Crested Serpent Eagle), વન અબાબીલ (Crested Swift) વગેરે મુખ્ય હતાં. અહીં દરિયાઈ નાળ (Creek) વિસ્તારમાં પક્ષીઓના શિકાર સામે પક્ષીરક્ષા અભિયાન છેલ્લા પાંચ માસથી ચલાવી વનવિભાગ, પોલીસની મદદ લઈ, કુંજ, કરકરાંને પણ બચાવ્યાં છે. પક્ષીગણતરી પણ કરેલી છે, જેની વિગત હવે પછી આપને મોકલવામાં આવશે. પક્ષીનિરીક્ષકો પક્ષીદર્શનની સાથે પક્ષીરક્ષણ ક્ષેત્રે પણ આગળ આવે તો અનેક જાતિઓ આપણે આવતી પેઢીઓ માટે જાળવી શકીશું. પક્ષીરક્ષાની કામગીરી કરનારાને સન્માનવાનો તથા યાયાવર પક્ષીઓને વિદાય આપવાનો એક લાગણીસભર કાર્યક્રમ પણ યોજેલો. આસપાસના વિસ્તારોનાં ગામડાઓમાં પક્ષીરક્ષા માટે લોકજાગૃતિ શિબિરો પણ યોજેલી છે.

**યાયાવર પક્ષીગણતરી :**

અમરેલી જિલ્લાની શિયાળુ મુલાકાતી પક્ષીઓની ગણતરીનું ભગીરથ કાર્ય હાથ ધરાયું જેમાં, આ વિસ્તારની ગણતરીમાં કુંજ ૨૬૦૦+, કરકરાં ૩૯૫૦૦+, મોટાં હંજ ૧૧૦૦+, નાનાં હંજ ૧૫૩ , ગુલાબીપેણ ૧૮ નોંધાઈ. સમગ્ર જિલ્લામાં ૮૮૦૦૦ થી વધુ પક્ષીઓ નોંધાયા.

રાજુલા - જાફરાબાદ વિસ્તારનાં પક્ષીદર્શનનાં આદર્શ સ્થળો:

૧. વિક્ટર, કથીવદર, ખેરા, પટવા, ચાંચ, પીપાવાવ, ભેરાઈ, જાફરાબાદનો ક્રીક વિસ્તાર

૨. મીઠાપાણીનાં તળાવો : લુણસાપુર, કડિયાળી, સાકરિયા હનુમાન, વિક્ટર, પીપાવાવ, ભેરાઈ, સમઢીયાળા, ખરેડ, ગઢડા, કથીવદર, ધારેશ્વર ડેમ, વગેરે..

પ્રવીણ ગોહિલ

સંયોજક, ઈકોક્લબ, જે.એન. મહેતા હાઈસ્કૂલ, ડુંગર

## ✍ Spotted Flycatchers are not silent !

It was such a pleasure to spend a relaxing hour with you today morning. Yes, it is a pity we do not find more time to spend together.

As usual 'VIHANG' looks attractive and is very readerfriendly. Congratulations! Keep your efforts up. You are doing something we all failed to do earlier.

I skimmed through and this is my first impression response. More will come later. It vastly amused me to have my friend Uday Vora commenting on Hingolgadh as though he knew the place better than me. 1981 is his experience, I happened to have been living there since .. and I have been birdwatching since I was a school boy in 1947. WWF's list was created by my cousin and myself and WWF is a rather recent phenomenon though predating Uday's introduction to birdwatching.

It is good to learn that more and more forest officers are taking interest in birds. They would be 'Morons' if they do not, considering the opportunities they are provided as part of their duties. Perhaps Uday might keep in mind that the the BNHS had foresters as its founder members and that men like Osmaston did considerable work recording birds, insects and mammals under their care. It is a pity that Indian counterparts have taken so much time in getting activated. Let us, however, underscore one very important point - the Forest Department should have less 'birdwatchers' and more ecologically sensitive men if indeed birds of our indegenous fauna and flora are to survive. Also they must be prepared to learn and share their knowledge as well as give credit to others who may be forest service personnel or non forest people like yourself and myself and many of the other beneficiaries of VIHANG. I am sure Veerappan would be a fabulous birdwatcher if only we would get through to him !

Your reporting the Greyheaded Flycatcher in your locality (Satyagrah/ Satellite Road, Ah'd) suggest that the trees in your "society"

have reached climax situation. Keep a check on drongos visiting you. You should expect, Grey Drongos and possibly a Whitebellied Drongo visit your place one of these days.(They Did, twice - E.) Carefully note the preferences of the Whitebrowed Fantail Flycatcher and the Spotted Fantail Flycatcher - the former haunts more open trees and hunts at all levels in and around them. The later prefers dense shrubberies and stays fairly low down.

Incidently, in my letter from Hingolgadh I wrote of the Spotted Flycatchers, but I overlooked mentioning that they were quite vocal and could be noted by sound that was very distinctive. Most literature says they are silent while with us ! So much for the knowledge recorded about our common birds. (24-1-03)

***Lavkumar Khachar***

## ''હાથમાં ફૂલડાળની જુડી''

'વિહંગ'નો હૃદયપૂર્વકનો આભાર ! 'વિહંગે' ઊડીને અનેક દેશ - વિદેશના મિત્રોની ઓળખાણ કરાવી. સ્થાનિક મંડળની પણ જાણ ન હતી. તેમાં ઉપલેટા, ભાયાવદર, પાનેલીના મિત્રો મળ્યા અને તેઓની સાથે આજુબાજુનાં પર્યાવરણમાં મ્હાલવાનો લ્હાવો મળ્યો. પક્ષીપ્રેમીઓ સાથે જ 'નેચર કલબ' અને 'લાફિંગ કલબ' જેવી સંસ્થાઓના સભ્યો પણ મિત્રો બની ગયા. ઠેઠ મોરબીના મિત્રોએ યાદ કરી, તેમની સાથે મચ્છુ ડેમ પર બે દિવસ હરવા ફરવાનો, જોવા જાણવાનો લાભ આપ્યો. ફરીથી ખૂબ ખૂબ આભાર!

'કેરાળાની કથા - ૧૯૫૦'ના લેખન અનુસંધાને મારાં મૂળ વતન કેરાળા અને કેરાળાની વીડી, ચારણ પીપળીની વીડી, પાણિયા, ટીબલા, માંડવડાનો આરક્ષિત વનવિભાગ, બધું ફરવાનું થયું અને નવી દૃષ્ટિએ જોવાનું મળ્યું. જો કે, '૧૯૫૦'ની વાત અલગ હતી, આરક્ષણના કાયદા વિના જ બધું રક્ષિત હતું! ક્યાંય દબાણ ન હતું, ક્યાંય ગોચર ખેડાતું નહિ. વનનાં પ્રાણીઓ અને પક્ષીઓ સાથેની અમારી સમરસતા યાદ આવી.

*''રસ્તે હરણ સસલાં મળતાં ક્યાંક લુચ્ચાં શિયાળભાઈ,*
*ઝરણામાં છે ઝાંઝર રણકે, કાંટમાં તમરાંની શરણાઈ ''*

*' દળાઈ ', 'કેરાળાની કથા : ૧૯૫૦'*

મોર - ટિટોડીનાં ઈંડાં, તેતરની ભાગ - દોડ, કોકિલનો કલરવ કે અનેક પક્ષીઓ - પ્રાણીઓની ઓળખાણ ભુતકાળ બની રહી છે. તે છતાં ઘણું આનંદ મળે તેવું જોયું - જાણ્યું.

સામાન્ય રીતે પોપટ કેવાં સ્થળોને પસંદ કરે છે, તે તો ખબર નથી. ઉપલેટામાં પ્રવેશતા જ નાગનાથ ચોક આવે છે. ('ઉપલેટાની નગર રચના અને સર ભગવત્‌સિંહજીની દીર્ઘ દૃષ્ટિ', આખો લેખ માંગી લેતી વાત છે) સાંજે, દિવસ ઢળતા જ, ગણ્યાં ન ગણાય એટલા પોપટો ભેળા થઈ, આખા દિવસની જે નવાજૂનીની કથા માંડે છે - એ જોવાનો, સાંભળવાનો લ્હાવો છે. અને એવી જ મહેફિલ ઉપલેટાથી બાર કિલોમીટર દૂર ભાદરથી થોડી પહેલાની જગ્યા, રાયધરાના પૂલે હોય છે. ત્યાં પણ પોપટ પંચાયત દરરોજ મળે છે અને કલરવે આખું વાતાવરણ જીવંત બનાવે છે!

ફરીથી - પર્યાવરણમાં ફરનારના સુભાગ્ય કહેતી 'દળાઈ' કૃતિની અંતિમ પંક્તિથી મારા પત્રનું સમાપન કરીશ.

***'' રમ્યા રસ્તે રેલગાડી ને વગાડી આવળની પીપૂડી,***
***પગમાં કાંટા - કંકર વાગ્યા હાથમાં ફૂલડાળની જુડી.''***

*'દળાઈ' , ' કેરાળાની કથા : ૧૯૫૦'*

**ગુણવંત જોષી**
''ચંદ્રમૌલિ'' કન્યાશાળા શેરી, ઉપલેટા - ૩૬૦ ૪૯૦

## ફ્રેન્ડ્ઝ ઑફ નવસારી

'ફ્રેન્ડ્ઝ ઑફ નેચર', નવસારીના સભ્યો શ્રી રાજુભાઈ, અશોક, નીરાબેન, જયરાજ, અક્ષય, હેમાંશુ, ધર્મેશ, સંદિપ, જીગર અને ભરત દ્વારા અઠવાડીયે એક - બે વાર પક્ષીનિરીક્ષણ કરવામાં આવે છે.

તા. ૧૭ નવે. ૨૦૦૨થી નવસારીનાં નાની કકરાડ તથા આટ ગામની નજીક આવેલ જળપ્લાવિત વિસ્તારમાં અઠવાડીયામાં એક - બે વાર સતત કાળજીપૂર્વક પક્ષીનિરીક્ષણ કરી નોંધ લેવામાં આવે છે. વધારે સંખ્યામાં જોઈ શકાયા હોય એવાં પક્ષીઓમાં મુખ્યત્વે ભગતડાં, ગજપાઉં, ઊલટી ચાંચ, હંજ, કુંજ, કરકરા, સીંગપર, ગિરજા, નાની મુરઘાબી, સારસ, મોટા કાજિયા, પીળકિયા, નીલકંઠ, ચમચા, પીળીચાંચ ઢોંક, નાનો ધોળો બગલો, કબૂત બગલો, નડી બગલો, ટપકીલી તુતવારી, પાન પટ્ટાઈ,

મોટો વનકશ્યો, ચંડૂલ, વૈયાં વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ઓછા જોવા મળતાં એવાં પક્ષીઓ સફેદ સુરખાબ, ભગવી સુરખાબ, સફેદ ઢોંક, શ્વેતપૂંછ ટીટોડી, કાળો ઢોંક, પરદેશી ધોળવો (Steppe Eagle), નીલશીર, ધોળી વાબગલી, કેંચીપૂંછ વાબગલી, શ્યામશિર ધોમડો વગેરે પણ જોવામાં આવ્યાં, જેની વિગતવાર નોંધ પણ રાખવામાં આવી છે.

આ જળપ્લાવિત વિસ્તારમાં શ્રી મુકેશભાઈ ભટ્ટ તથા 'નેચર કલબ', સુરતના સભ્યો અવારનવાર મુલાકાત લેતા રહે છે. વલસાડના ડૉ. પીયૂષભાઈ પટેલ, મહંમદ જત, જીગ્નેશ જોષી વગેરે પણ પક્ષીનિરીક્ષણ માટે આવતા રહે છે.

આ જળપ્લાવિત વિસ્તારની આજુબાજુ માનવવસ્તી નજીક હોવાથી અહી પક્ષીઓના શિકારને રોકવા માટે યોગ્ય પગલાં લેવામાં નહી આવે તો આવતાં થોડાં વર્ષોમાં આ વિસ્તારમાં યાયાવર પક્ષીઓ આવતા બંધ થશે.

પક્ષીનિરીક્ષણમાં રસ ધરાવતા તથા પક્ષીવિદ્દો આ વિસ્તારમાં નિરીક્ષણ માટે આવી આ વિસ્તારનું મહત્ત્વ સમજે અને શિકારને રોકવા યોગ્ય સૂચનો કરે અને યોગ્ય સ્થાને રજૂઆત કરે, એ હાલની તાતી જરૂરિયાત છે. સૌના સહકારથી એ પણ શક્ય બનશે!

**'ફ્રેન્ડ્ઝ ઑફ નેચર'**
*નવસારી*

## Comment on Northern Lapwing in Gujarat

Geeta Padate's letter ('Vihang' - Sharad 2002) regarding Northern Lapwing in Vadodara district requires comments and remarks from our senior birdwatchers and ornithologists. Geeta could have given more description of the bird, she and her friends had seen. If the bird they saw had a black crest and red legs, then it is sure that it was a Northern Lapwing. If it is so, its presence in Gujarat is something to be noted seriously. But if the bird does not have the crest, it can be Sociable Lapwing *(Vanellus gregarious)*, which visits Gujarat in winter occasionally.

Similarly, note of Mr. Kasam Sama regarding nesting of White-tailed Lapwing at Nal Sarovar is a breaking news.!

(સુ.શ્રી ગીતા બહેન પડતે પક્ષીવિજ્ઞાની અને અનુભવી પક્ષીનિરીક્ષક છે. ચોટીલી ટિટોડી (Northern Lapwing)ને દસેક વરસ પહેલાં પણ તેમણે વડોદરા આસપાસ જોએલ. 'વિહંગ' શરદ ૨૦૦૨ના અંકમાંની તેમની નોંધ તેમના બીજી વારના તે ટિટોડીના નિરીક્ષણ બાદની છે. આ વિષયમાં મારે તેમની સાથે અગાઉ વાત થયેલ. હમણા 'પક્ષીસંરક્ષણ મંડળ, ગુજરાત'ની સમિતિની તા.૧૨-૮-૦૩ની મીટીંગમાં પણ ફરી તે અંગે વાત થઈ. તેમણે તે ટિટોડીની ચોટલી જોઈ જ હતી. ગુજરાતની યાદીમાં એક પક્ષીનો આ એક ઉમેરો છે. - લા.)

***Jaydev Dhadhal***
*Mahuva*

## પંખીઓના વ્યાપમાં થતા ફેરફાર

(અનુસંધાન પા. ૨ થી)

એક જમાનામાં આ વન ગુજરાત રાજ્યની આખી પૂર્વ સરહદે સળંગ હતું. વડોદરા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓની પૂર્વ સરહદ તેના ભાગરૂપે હતી. જંગલો કપાતાં અને વિવિધ ઉપયોગો માટે જંગલોની જમીનો લેવાતાં વનાચ્છાદિત આ સરહદોની વનસંપત્તિ એકદમ પાંખી થઈ ગઈ. કેટલાય વિસ્તારમાં તે સાવ અદશ્ય થઈ ગઈ. આથી તે વસવાટ વિસ્તારની તાસીર જ બદલાઈ ગઈ. પરિણામે ગીચ જંગલો અને ઘેરી વનસ્પતિનાં વિશિષ્ટ પંખીઓ ત્યાંથી અદશ્ય થઈ ગયાં. સુરપાણેશ્વરનું જંગલ તો નર્મદાના દક્ષિણ કાંઠા ઉપર જ છે. ત્યાં વિશિષ્ઠ પંખીઓ દેખાય એ અનપેક્ષિત ન ગણાય. તે જ પ્રમાણે, રતનમહલ એ મધ્યપ્રદેશની પશ્ચિમ સરહદનાં વનોના અનુસંધાને જ છે. તે જંગલ, દક્ષિણ ગુજરાતનાં વનોને મળતું આવે તેવું છે. આથી, ત્યાં થતાં કોઈ કોઈ પંખી રતનમહાલમાં જોવા મળી જાય તો તે સહજ ગણાય. (વધુ આવતા અંકે)

*સી-૨, હરિઓમ એપાર્ટ., 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'પ્રેસ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧*

# મ.કુ.હિંમતસિંહજીની કલમે



વસંત ઋતુની શરૂઆતની સાથે પંખીઓનાં રૂપ, રંગ, બોલી અને વર્તનમાં ફેરફાર થવા માંડ્યા છે. શકરા (Shikra) વધુ અવાજ કરતા થઈ ગયા અને હવે તેમનું સંવનન ચાલુ છે. બીજી બાજુ, તેતર (Grey Partridge) વધુ બોલવા લાગ્યા. મારી વાડીમાં ચાર તેતર હતા. તેમાનાં ત્રણ સાથે જ રહેતા અને એક તેમની જોડે ફરતું, પરંતુ વધારે નજીક આવે તો તેને મારવા માટે ત્રણ પૈકીનો નર ધસી જતો. હું તેમના માટે લગભગ દરરોજ બાજરો વેરતો, જે એ પક્ષીઓ ખાવા માટે આવતાં. હવે ત્રણ પૈકી એક તેતર ગાયબ થયું છે. મને લાગે છે કે, બિલાડીએ તેનો શિકાર કર્યો હશે. ચોથું તેતર અલગ ફરે છે. બાકીના બે પૈકી એક પક્ષી, બે દિવસથી આવતું ન હોવાથી મને લાગે છે કે, તે માદા હશે અને ઈંડાં મૂકી તે સેવતી હશે. તેતરના પ્રજનનની શરૂઆત ફેબ્રુઆરી/ માર્ચથી થતી હોય છે.

તેતર વિશે લખું છું ત્યારે મને એક હકીકત યાદ આવે છે. તે એ કે, સામાન્ય રીતે લોકોનો એવો ખ્યાલ હોય છે (અને પક્ષીઓ પરનાં પુસ્તકોમાં પણ જણાવવામાં આવ્યું છે) કે, તેતર બોલે છે તે ફક્ત નરનો જ અવાજ છે. હકીકતમાં એ નર અને માદાનો સંયુક્ત રીતે ઉચ્ચારેલ અવાજ આપણે સાંભળીએ છીએ. આ હકીકત મેં વખતે 'વિહંગ'ના વાંચકો સમક્ષ મૂકી હશે, પરંતુ મને લાગે છે કે, તેનું અહીં પુનરાવર્તન કરવામાં વાંધો નથી.

ટિટોડી (Redwattled Lapwing) ની જોડી પણ હાજર છે. હાલનાં બે વર્ષમાં તે બચ્ચાં ઉછેરી શકી નથી કારણ કે, વાડીની બહારના ખુલ્લા પ્લોટને, મેં એક સંસ્થાને ભૂકંપ રાહતની કામગીરીના ઉપયોગ માટે આપ્યો છે. ત્યાં, માણસોની અવરજવર ઉપરાંત, ઝૂંપડાં વિગેરે બાંધવામાં આવતાં ટિટોડીના પ્રજનનની પ્રક્રિયામાં ખલેલ પહોંચે છે.

કાળી કાંકણાસર(Black Ibis)ની જોડી નાળિયેરનાં ઝાડ પર આવી ગઈ છે, જ્યાં તે દર વર્ષે માળો બનાવે છે અને જોરથી અવાજ કરવા માંડી છે. મોટે ભાગે તેનું માળો બનાવવાનું કાર્ય એપ્રિલ મહિનામાં શરૂ થતું હોય છે. આ એક ખુલ્લી જમીન પર રહેનારું પંખી છે, પરંતુ મારી વાડીમાં તે ઝાડની છાયામાં જઈ ખોરાકની શોધ કરતાં, મેં તેને નિહાળ્યું છે. તેનું બચ્ચું પણ માળામાંથી નીકળ્યા બાદ, માની સાથે, ચીકુ વગેરે ઘાટાં ઝાડ નીચે જતું હોય છે. આ પક્ષીઓની તેમની સામાન્ય આદતો વિરૂદ્ધ જતી વર્તણૂક (adaptation)નો એક દાખલો છે.

શક્કરખોરો (Purple Sunbird) માર્ચ / એપ્રિલમાં માળા બાંધવાની શરૂઆત કરે છે. આના નર પક્ષીના રંગમાં હવે પૂરું પરિવર્તન થઈ ગયું છે અને તેણે પોતાનાં ગીત ગાવાની શરૂઆત કરી દીધી છે. આ પક્ષીનો મુખ્ય ખોરાક ફૂલોનો રસ છે, પરંતુ તે અમુક અંશે જીવાત પણ આરોગે છે. ઝાડ પરથી ઊંચે ઊડી, માખીમાર(Flycatcher)ની માફક તેને ઊડતી જીવાત પકડતાં, મેં જોયા છે.

મારી વાડીમાં બન્ને જાતની બુલબુલ રહે છે. હાલ રણ બુલબુલ (White-eared Bulbul) અદૃશ્ય થઈ ગઈ છે. તેમનાં પ્રજનનની શરૂઆત માર્ચમાં થતી હોય છે, પરંતુ વર્ષાઋતુમાં તે વધારે વેગીલી બને છે. એ રણ બુલબુલ પૈકી એક નરમાદાની જોડી રોકાઈ ગઈ છે અને મારા મકાનની સામે જ ક્રોટન (Croten) ના છોડ પર માળો બનાવ્યો છે. પહેલાં તો એક પક્ષી સતત આવજા કરતું અને માળામાં સળીઓ ગોઠવતું. તેની સાથેનું પક્ષી (મને લાગે છે કે તે નર હશે) બહાર જ રહી જતું અને સતત બોલ્યા કરતું. તે, માદા સળીઓ શોધવા જતી તેની સાથે ઊડી જતું અને તેની સાથે જ પાછું વળતું, પરંતુ તેની ચાંચમાં મેં એક પણ વાર સળી જોઈ નહીં. રણ બુલબુલને પહેલી વાર માનવ વસાહતની નજીક, બગીચામાં માળો બાંધતાં જોઈ. આપણાં પક્ષીઓ વિશેનાં પુસ્તકોમાં એમ જણાવવામાં આવ્યું છે કે, આ બુલબુલના નર અને માદા બન્ને માળો બનાવવામાં ભાગ ભજવે છે, પણ મેં જે નિરીક્ષણ કર્યું તે મુજબ, એક જ પક્ષી ચાંચમાં સળીઓ લાવતું હતું. ફક્ત એક જોડીને જોવાથી કોઈ ચોક્કસ અભિપ્રાય આ બાબતે બંધાય નહીં. 'વિહંગ'ના વાચક વર્ગમાંથી કોઈ, આ બાબતે વધુ ઊંડો

અભ્યાસ કરે, તે જરૂરી છે. દરમિયાન, લવકુમારભાઈ, લાલસિંહજી વગેરે નિષ્ણાતોનો આ વિશે શું અનુભવ છે, તે જાણવું રસપ્રદ બનશે. સોનેરી શોબિગી (Marshall's Iora) ના નરનો રંગ પણ બદલાઈ રહ્યો છે અને તેણે પોતાનાં મધુર ગાન ગાવાની શરૂઆત કરી છે. હવે લગભગ એપ્રિલ / મે મહિનામાં તે કોઈ ઝાડની ટોચ પરથી સીધો ઊંચે ઊડી, પાંખ ફેલાવી, નીચે ઊતરવાનું નૃત્ય શરૂ કરશે. આમ તે સતત આવાજ કરતો ઊંચો ચડે ત્યારે, કપાસના એક સફેદ ગોળા જેવો લાગે છે. હજી સુધી હું તેનો માળો શોધી શક્યો નથી.

એક પક્ષીનો શરૂઆતમાં ઉલ્લેખ કરતાં ચૂકી ગયો છું અને તે છે સૂડો (Roseringed Parakeet). સૂડાની ત્રણ જોડીએ મારા મકાન પરના નળિયાંવાળા છાપરામાં વસાહત કરવાનું પસંદ કર્યું છે. હાલ તેમનું પણ સંવનન ચાલુ છે. તેઓ, નળિયાં નીચે લગાવેલ લોઢાનાં પતરાં પર ઈંડાં મૂકે છે, જે, ઢાળને કારણે રડી જતાં હોઈ તેને સેવી શકાતાં નથી અને દર વર્ષે બચ્ચાં નીકળતા નથી. કોઈ વાર એકાદ બચ્ચું ઊછરે છે.

દરજીડા (Tailor Bird) , અગાઉ તો મારા બગીચામાં બચ્ચાં ઉછેરતાં, પરંતુ હાલનાં વરસોમાં બચ્ચાંઉછેરમાં તેમને સફળતા મળતી નથી. ગયે વર્ષે, આ વખતે, જે છોડમાં રણ બુલબુલે માળો બનાવ્યો છે, તેમાં પાંદડાં સીવીને દરજીડાની જોડીએ માળો બનાવી તેમાં ઈંડાં દીધાં હતાં. એ માળો, સતત ખોરાકની શોધ કરતા ઘૂંકિયા(Crow Pheasant)ની નજરે ચડી ગયો અને તેણે ઈંડાંનું ભક્ષણ કર્યું ! આમ આ પક્ષી દર વખતે ઈંડાં યા બચ્ચાંને ખાઈ જતું હશે.

નાની ફડકફુતકી (Franklin's Wren- Warbler)ના નરના રંગમાં હવે પરિવર્તન થવાની શરૂઆત થવા સાથે, તેણે પણ પોતાનું ઉત્સાહપૂર્વકનું ગીત ગાવાની શરૂઆત કરી છે. આમ તો નર અને માદાનાં પીંછાંના રંગો લગભગ એક સરખા હોય છે. પરંતુ નરની છાતી પરના ઘેરા રાખોડી રંગના પટ્ટાને ધ્યાનપૂર્વક જોવામાં આવે તો વધુ ઘેરો ભાસે છે. આ પક્ષીની દાઢી અને ગળાના ઉપરનો ભાગ અને તેનાં પડખાં, ચોખ્ખા સફેદ રંગનાં હોય છે, જે નરી આંખે પણ જોઈ શકાય છે. નર પક્ષી કોઈ ઝાડની ટોચ પર યા વીજળી કે ટેલિફોનના તાર પર બેસી જિંદગીની મોજ માણતો, ઉત્સાહપૂર્વક પોતાનો સૂર લહેરાવે છે!

મારા મકાનની ચોપાસ રહેતાં પક્ષીઓમાં વસંતના આગમન સમયે જે પરિવર્તન આવે છે, તેનો ચિતાર આપવાનો મેં પ્રયાસ કર્યો છે, જે હું આશા રાખું કે વાચકોને ગમશે. સાથે સાથે, પક્ષીઓનાં વર્તન (behaviour) નો જે હું મારી રીતે અભ્યાસ કરી શક્યો છું, તે પર પણ ધ્યાન આપવાની મેં કોશિશ કરી છે. આપણા દેશમાં પક્ષીઓની આદત અને વર્તનનો વધુ અભ્યાસ કરવાની જરૂર છે, જેથી કરી એ બાબતોની ખૂટતી કડીઓ મેળવી શકાય અને તે વડે ભારતીય પક્ષીવિજ્ઞાન (Indian Ornithology) ને વધુ સમૃદ્ધ બનાવી શકાય. નવાં પંખીઓ નોંધવા કે નિયમિત નિરીક્ષણ કરવું, તે આ વિષયનો એક ભાગ છે, પરંતુ તેને લગતા બીજા મુદ્દાનો તલસ્પર્શી અભ્યાસ પણ અગત્યતા ધરાવે છે, તે આપણા લક્ષની બહાર રહેવું ન જોઈએ.

*મ.કુ.હિંમતસિંહજી*

*જ્યુબિલી ગ્રાઉન્ડ, ભુજ-૩૭૦૦૦૧*

## સાભાર સ્વીકાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈન્ડીયન મેડીકલ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન, અમદાવાદ | ૨૦૦૦-૦૦ | કિશોરચંદ્ર ત્રિવેદી, રાજકોટ | ૨૦૦-૦૦ | હેતાંગ મહેતા, વાપી | ૧૦૦-૦૦ |
| હેતલ પટેલ, નવસારી | ૧૦૦૦-૦૦ | દુર્લભજી રાઠોડ, મોરબી | ૨૦૦-૦૦ | સુનંદાબેન કાપડિયા, અમદાવાદ | ૧૦૦-૦૦ |
| રાજુ દિપ્તી, કોબા | ૫૦૦-૦૦ | આર.વાય.ગુપ્તે, અમદાવાદ | ૧૫૦-૦૦ | ચંદ્રસિંહ રાઓલ, ગાંધીનગર | ૧૦૦-૦૦ |
| જયમનબેન દવે, અમદાવાદ | ૫૦૦-૦૦ | ડૉ.અમીત ઠક્કર, મહુવા | ૧૫૦-૦૦ | પ્રવીણકુમાર ગોહિલ, મુ.વિકટર જિ. અમરેલી | ૧૦૦-૦૦ |
| ડૉ.પીયૂષ પટેલ, વલસાડ | ૫૦૦-૦૦ | મહેન્દ્ર બુચ, રતનપર, જિ. સુરેન્દ્રનગર | ૧૧૫-૦૦ | સુશીલકુમાર ઠાકર, મોરબી | ૧૦૦-૦૦ |
| પીરૂભાઈ હુમ્બર, અમદાવાદ | ૨૫૧-૦૦ | કલ્પેશ રાવલ, જેતપુર | ૧૦૧-૦૦ | રૂચિબેન દવે, મહુવા | ૧૦૦-૦૦ |
| સંતોષ ગુપ્તા, અમદાવાદ | ૨૦૦-૦૦ | નીરાબેન પંડ્યા, નવસારી | ૧૦૦-૦૦ | વસંતભાઈ જોષી, મહુવા | ૧૦૦-૦૦ |
| નીતિ દવે, વડોદરા | ૨૦૦-૦૦ | હર્ષદ પુજારા, અમદાવાદ | ૧૦૦-૦૦ | જયદેવ ધાધલ, મહુવા | ૧૦૦-૦૦ |
| વશરામભાઈ બારડ, અમદાવાદ | ૨૦૦-૦૦ | વિષ્ણુ પટેલ, અમદાવાદ | ૧૦૦-૦૦ | પ્રવીણસિંહ ડોડિયા, મહુવા | ૧૦૦-૦૦ |
| કલ્પેશ અખાણી, અમદાવાદ | ૨૦૦-૦૦ | | | | |